૫૯૯૪

શ્રી સાણંદ શેઠ આણંદજી કુશળચંદજીની પેઢીના દ્વારા.

છપાવી પ્રસિદ્ધ કર્તા.

સદરહુ પેઢીના સેક્રેટરી

શેઠ ઉજમશી મુળચંદ

તથા

મેહેતા ગફુલભાઇ સાંકળચંદ

ગામ સાણંદના.

અમદાવાદ.

માણેકચોક આગળ કાગદીઓળની સામે શાહ હીરાભાઇ પુંજાસાના

મકાનમાં "અમદાવાદ ટાઇમ્સ પ્રેસ" માં

કાળીદાસ સાંકળચંદે છાપ્યા.

સને ૧૮૯૧ સંવત ૧૯૪૭

જરા આ તરફ નજર કરો. વાંચો, વાંચો, વાંચો ફક્ત ધરમાદાનું કામ છે.

હાથે તે સાથે

પંચકી લક્કડી એકકા બોજ.

સર્વે ભાઈઓને વીનંતી કરવામાં આવે છે કે મજકુર શેહેરમાં ખોડાઢોરની સંખ્યા વધારે રહે છે, તેથી ઉપજ કરતાં ખરચ વધારે થાય છે. તેમજ સદરહુ જનાવરોને રહેવાને મકાન નથી તે નવું કરાવવાની ખાસ જરૂર છે. તેની શરૂવાત થોડા દીવસમાં કરાવવા વિચાર ચાલે છે પણ જનાવરો વધારે હોવાને લીધે તે મકાનમાં ખર્ચના પૈસાની લાંબી રકમની જરૂર છે. માટે સર્વે સદ્ગૃહસ્થોએ આ હકીકત ધ્યાનમાં લેઈ બનતી મેહેનત કરી પોતાના શેહેરોના અને ગામોના સર્વે ગ્રહસ્થો પાસેથી શક્તી અનુસારે રકમ એકઠી કરી સદરહુ પેઢીને આસરો આપશો. ભાઇઓ આ બાબત જરા મેહેનત તો પડશે પણ તેથી પાછા નહી હઠતાં પરમાદ છોડી દેઇને પરમારથનું કામ જાણી મેહેનત લેશો તો અમારો ધારેલો વીચાર પાર પડશે. અમે સર્વે ભાઈઓ તરફથી મદદ મળશે એવી આશાથી આ કામનો આદર કરવા વીચાર ધારેલો છે, તે પાર પાડવાની સર્વે સદ્ગ્રહસ્થોને અમારી વીનંતી છે.

મુકામ સાણંદ.

શેઠ ઉજમશી મુળચંદ.
મેહેતા ગફુલભાઇ સાંકળચંદ.
શ્રી સા. આ. કુ. પે. ના.
સેક્રેટરી.

પ્રસ્તાવના.

મંગળાચરણ.

હરીગીત છંદ.

તારણ તરણ મંગલ કરણ, સેવું ચરણ સુહંકરા,
દુખ હરણ આવ્યો સરણ, જાણી ધર્મના ધુરંધરા;
તુહી નીરંજન ભીડ ભંજન, વીનતી ચીતમાં ધરો,
આ સુભ પેઢી સ્થાપતાં, પ્રભુ વીઘ્ન સહુ દુરે હરો;

શ્રી પરમાત્મા પ્રત્યે નમસ્કાર કરી હું સર્વે સજ્જનોને વિનંતી કરૂ છું કે ધર્મના ધોરી પૂર્વે થઈ ગયેલા મહાન પુરૂષોએ ષટ દરશનમાં દયા મૂળ ધર્મ પ્રકાસ્યો છે. તેવી રીતે રત્ન ચીંતામણી રૂપ દયા ધર્મને દીપાવવો, એ દરેક મનુષ્યની મુખ્ય ફરજ છે તેમાં દૂખમાં પીડાતાં હરકોઈ જીવની સાર સંભાળ લેઇ દુ:ખ નીવારણ કરવામાં બનતી મદદ કરવી, એ દયાનો મુખ્ય હેતુ છે તેમ છતાં આ વિષમ કાળના લીધે તે પ્રમાણે વર્તનારા થોડા પુરૂષો દ્રષ્ટીગોચર થાય છે. તેથી કરીને નિચેના ગામનોમાં કહી બતાવ્યાં મુજબનાં બેહેરાં, મુંગાં લુલાં, લંગડા આદિ ભુખથી અને દુખથી પીડાતાં જનાવરો તથા ગરીબ ગરબાં ઘણાં, જોવામાં આવે છે. તે પીડાથી દુર કરવા તેમજ ધર્માદા વીગરે કામ કાજની પુરતી તપાસ રાખવા અત્રેની શ્રી જૈનબોધ બુદ્ધિ પ્રકાસક સભાના સેક્રેટરીએ દયા એ વિષય ઉપર ઘણું અસરકારક ભાષણ કરવાથી શ્રી સાણંદમાં ખોડાઢોર વીગેરેની બરાબર દેખરેખ રાખવા સારૂં કમીટી નીમાયેલી છે.

આ કમીટી બંધાયા બાદ સાણંદમાં શેઠ આનંદજી કુશળચંદજીના નામની ખોડાઢોર વિગેરે ધર્માદા કામની પેઢી સ્થાપન કરવી, તેવો ઠરાવ કરવાથી સંવત ૧૯૪૭ ના પોસ સુદી ૧૨ ને બુધવાર તા. ૨૧ માહે જાનેવારી સને ૧૮૯૧ ના *રોજનું આવી ફતેહકારી મહુર્તે આવવાથી તે ઠરાવ મુજબ તે દીવસે સદરહું પેઢીએ એક જાહેર સભા ભરવામાં આવી હતી. તે વખતનો મેલાવડો ઘણો સુસોભીત હતો, વાજાં વાગી રહ્યાં હતાં, નોબતો ગડગડી રહી હતી, અને શેહેરના તમામ સદ્‌ગૃહસ્થો બીરાજેલા હતા, તેમના મુખારવીંદ ઉમંગથી વીકસ્વર થયેલા ફુલની માફક ખીલી રહ્યાં હતાં. જાણે દયાએ તો આવીને તેમના હૃદયમાં વાસ કર્યો હોયની? એવા સુસોભિત સભામાં બીરાજેલા સદ્‌ગૃહસ્થોમાંના સાણંદ દરબાર શ્રીના કારભારી મેહેતા દેવકરણભાઈ આદેકરણ જે કે આ કમીટીના પ્રેસીડેન્ટ તરીકે છે. તેમના હાથથી અતી હર્ષ સહીત નીર્વીઘ્નપણે સુભ અવસરે મહુર્ત કરવામાં આવ્યું હતું. ત્યાર બાદ પેઢી સ્થાપન થઈ તેની ભેટ તરીકે મોટી રકમનો આશ્રય સર્વે સદ્‌ગૃહસ્થો તરફથી મળેલો ત્યાર બાદ ગીત ગાયન અને ભાષણો થયા પછી ખુશાલીની ખાતર ગરીબ ગરબાની તથા જનાવરોની ખોરાકના ઉપાયો તે દીવસે ઘણા સારા કરવામાં આવ્યા હતા, અને ચાકરોને સીરપાવ આપી પતાસાની લહાણી કરી સભા વીસર્જન થઈ હતી.

આ કમીટીમાં વધારે મેમ્બરો દાખલ કરવાનો મુખ્ય હેતુ એ છે કે થોડા માણસોના હાથ નીચે આવા મોટા કારખાનાનું કામ લાંબી મુદત સુધી બરાબર રીતે ચાલી શકે નહી. અને વધારે મેમ્બરો હોવાથી ઘણી સેહેલાઈથી કામ થઈ શકે તેમ બે પ્રેસીડેન્ટ, બે વાઈસ પ્રેસીડેન્ટ, બે ચેરમેન એવી રીતે જે દાખલ કરેલા છે તેનો હેતુ એ છે કે આ શહેરની અંદર શ્રાવકોના મોટા બે જથા છે તેથી તે દરેક હોદામાં દરેક જથામાંથી એકેક નામ આપી બન્નેની સંખ્યા પુરી કીધી છે.

આ ચોપડીમાં પેઢી સ્થાપન કરવા તથા ધરમાદા વીગરે કામની તપાસ રાખવા સારું જે ભાષણો કરવામાં આવેલાં તે વખતે નીચે લખેલાં ગાયનો ગાવામાં આવેલાં તેમજ પેઢી સ્થાપન થવાના દીવશે છેવટે પણ જે ગાયનો વીગેરે કહેવામાં આવેલાં તે આ ચોપડીમાં પાછળ દાખલ કરવામાં આવ્યાં છે, તે તમામ ગાયનો વીગેરે પીંગળના બોધ સીવાય બાળક ચાલથી બનાવવામાં આવેલાં છે તેમજ જે જે લખાણ ગદ્ય રૂપે દાખલ કરેલું છે, તે સર્વેમાં ભુલ ચુક હોય તે સુજ્ઞ પુરૂષો સુધારી વાંચવા કૃપા કરશો.

આ ચોપડીઓ છપાવવાનો મુખ્ય હેતુ એ છે કે દરેક આત્માર્થી પુરૂષો વાંચીને તે પ્રમાણે પોતે વર્તે તેમજ બનતી મેહેનત લેઈ પોતાના શેહેરમાં અગર ગામોમાં ઉપર કહ્યા મુજબના જે જનાવરો તથા ગરીબ ગરબા વીગરેનાં દુખ ટાળવા અને ધર્માદા વીગેરે પૈસાનો બીગાડ નહી થવા દેતાં તે પૈસાની વ્યવસ્થા સારી રીતે થાય તેમાં પોતાના આત્માના હીતનું કારણ છે. એમ જાણી સારી રીતનો સુધારો કરવા ઘણી લક્ષમાં લેશે, એવી સંપૂર્ણ આશા ધારી આ વીનંતી કરી છે, તે સ્વીકારી લેશો.

આ ચોપડીયો જે જે સદ્ગ્રહસ્થો તરફ ભેટ તરીકે મોકલવામાં આવી છે. તેમણે પોતાના શેહેરના કીંવા ગામના સદ્ગ્રહસ્થોને વચાવી જેમ બને તેમ દયા પાળવાનું વૃક્ષ રોપાવવા સમજુત કરવા લક્ષમાં લેશો એવી આશા છે.

મુકામ સાણંદ

શેઠ ઉજમશી મુળચંદ.

મેહેતા ગફુલભાઇ સાંકળચંદ.

શ્રી. સાણંદ શેઠ આણંદજી કુશળચંદજીની પેઢીના
સેક્રેટરી.

વિનંતી

સહીયર દુખ શું દાખવું. એ રાગ.

સુણો તમે સહુ માહાજનો, ખોડાઢોરની વાત;
લુલાં મુગાં વળી પાંગળાં, એ આદે બહુ જાત. સુણો૦ ૧
દીસે દુખી ખાવા દોહીલું, વેઠે એમ દીન રાત;
ટાઢ અને તડકા વળી, વેઘાથી થાયે ઘાત. સુણો૦ ૨
રહેવા મુકામ મળે નહીં, બુરા હાલ થનાર;
જે તે તેને લેઈ જાઈને, દે છે દુઃખ અપાર. સુણો૦ ૩
વાચા વીના કહે કોઈને, કહી શકે તે કેમ;
ભોગ ભગવા ભરપુર તે, કીદે આવેથી એમ સુણો૦ ૪
પરભવ પાપ કર્યાં હશે, કંઈક કોટીક લાખ;
સઘળી રીતે સુકાઈને, બળી થાય છે ખાખ. સુણો૦ ૫
આ ભવ આપણું પામીયા, ઉત્તમ કુળ અવતાર;
પૂરા પુન્યના યોગથી, આપ્યો જગ કીરતાર. સુણો૦ ૬
અમુલ્ય મનુષ્ય જન્મ આપીયો, દયા પાળવા કાજ;
ખઇ પીને ખુબ માલતા, નથી આવતી લાજ. સુણો૦ ૭
સંભાળ સર્વેની લેઈને, આપો સુખ અનુકુળ;
લોભ લાલચમાં લેવાઇને, આખર કરશો નહી ધુળ સુણો૦ ૮
ધન માટે જેને ધુતી કરી, ભરયા સોવન કોઠાર;
તે સહુ મુકી ચાલીયા, પામ્યા પીડા તે ઠાર. સુણો૦ ૯
માટે માનો સહુ માનવી, હૈયુ રાખીને હામ;
દયા દાન દેજો બહુ, સારૂં ભાથું એ સાથ. સુણો૦ ૧૦
આળસ અંગ ન રાખશો. માન મુકીને દુર;
દામ વળી ખરચી કરી, કરો સુખ ભરપુર. સુણો૦ ૧૧
આજ કાલ તેમાં મત કરો, કરોને ઝટોઝટ;
બાળ યુવાન વળી વૃદ્ધને, કાળ લે ચટોચટ. સુણો૦ ૧૨
જૈનબોધ એમ વીનવે, સહુ સભાની પાસ;
અરજ તે ઉરમાં ધારીને, પુરો એટલી આશ. સુણો૦ ૧૩

ક્ષત્રી કલંક કેમ લેશોરે. એ રાગ.

સહુ સભાજનો થાઓને તઇયાર, હીંદુ તે હાંમ કેમ હારેગે:
ખોડાઢોરની ખબર લેવા યાર. હીંદુ૦ ૧
એનો દુખો વેઠે છે અપાર, હીંદુ૦ સુખી કરવા જરા ન કરો વાર. હીંદુ૦ ૨
એછે આપણા કુળનો નીજ ધર્મ, હીંદુ૦ માટે બેશી રેહેવામાંછે અતી શર્મ. હીંદુ૦ ૩
જીવો રહેછે તે પગડા મોઝાર, હીંદુ૦ તેથી અતી કષ્ટો પામેછે તે ઠાર. હીંદુ૦ ૪

એ શું સોભીતું છે ક્યાંહીયે લગાર, હીંદુ૦ રહેવા મુકામ બનાવો તૈયાર. હીંદુ૦ ૫
કરો કરોડો રળી તમે રોક, હીંદુ૦ દયા ધર્મ વીના સહુ તે છે ફોક. હીંદુ૦ ૬
જેના દીલમાં દયા નહી જરાય, હીંદુ૦ તેનો અવતાર તેતો એળે જાય. હીંદુ૦ ૭
એ છે અવાચક જીવ અનાથ, હીંદુ૦ દીનો કુળમાં હોય તે ઝાલે હાથ. હીંદુ૦ ૮
માટે કરો સુભ સદા તેનાં કામ, હીંદુ૦ રાખો નામ અતી હૈયે લાગી હામ. હીંદુ૦ ૯
એ છે ઉત્તમ તે પરઉપકાર, હીંદુ૦ પરભવ સહુને છે હીતકાર. હીંદુ૦ ૧૦
જૈનબોધ કરજોડી કહે આજ, હીંદુ૦ નીજ કુળ તણી રાખો સહુ લાજ. હીંદુ૦ ૧૧

ॐ श्री वीतरागाय नमः

ભુજંગી છંદ.

નમુ હું પ્રભુ તુજને હસ્ત જોડી, વદુ મુખથી બુદ્ધિ છે મુજ થોડી;
સદા આશરો જગતમાં છે તમારો, નથી દીસતો અન્ય કો તારનારો.
અતી હર્ષથી સર્વ સંઘે મળીને, સભા પેઢી સ્થાપી હૃદયમાં ધરીને.
દયા પાળવા દીલ ધારી વીચારો, પ્રભુ તેહ તો પાર તુમે ઉતારો.

શ્રી સાણંદ આણંદજી કુશળચંદજીની પેઢી સ્થાપન કરવા સબંધી બનેલી હકીકત સંવંત ૧૯૪૭ ના કારતક વદી ૪ ને વાર રવીવારના રોજ સાણંદની શ્રી જૈનબોધ બુદ્ધિ પ્રકાશક સભા ભેગી થએલી, તેમાં સાણંદનાં ખોડાઢોર વિગેરે ધર્માદા કામોનો જે બંદોબસ્ત ચાલે છે, તેમાં સુધારો થવાની જરૂર છે. માટે તે કરવા તથા સારા પાયા ઉપર લાવવા ઘણા સદ્‌ગૃહસ્થોની એક કમીટી નીમી તેની દેખરેખ નીચે કામ થવું જોઇએ, એવાં તે સભામાં ભાષણો થવાથી સભામાં બીરાજેલા સદ્‌ગૃહસ્થોના મનમાં તે વાત દુરસ્ત આવવાથી તે પછી ચાર દીવસે એટલે કારતક વદી ૮ ને ગુરૂવારના રોજ સાણંદના સર્વ સંઘને ભેગો કરવાનો તેજ વખતે ઠરાવ કરયો તે મુજબ તે દીવસે સર્વ સંઘને ભેગા થવાનુ આમંત્રણ કરવામાં આવ્યું અને તેથી રાત પડતાં સર્વ સંઘના સજ્જનો ભેગા થયા તેમાં જે વાતચીત થઈ તથા કામકાજ ચાલ્યું તે નીચે પ્રમાણે.

શેઠ સાંકળચંદ હકમચંદે દરખાસ્ત કરી કે સાણંદના ખોડાઢોર વીગેરે ધર્માદા ખાતા એટલે એ દેરાસર તથા ઉપાશ્રય શીવાયના જે જે ધર્માદા ખાતા એટલે માહાજન સમસ્તની ઉપજ આવે છે તથા ખર્ચ થાય છે તેની બરાબર રીતે બ્યવસ્થા થવા સારૂ ઘણાએક માણુસોની એક કમીટી નીમવી ને તેની દેખરેખ નીચે સર્વે તરેહનું કામકાજ કરવું. એ દરખાસ્તને મેહેતા દેવકરણભાઇ અદેકરણે સારી રીતે ટેકો આપ્યો. અને તે ઉપરથી તે પ્રમાણે વર્ત્તવાને ભરાયેલા સર્વે સદ્‌ગૃહસ્થોનો મજબુત અભીપ્રાય થવાથી તે દરખાસ્ત મંજુર કરવામાં આવી. અને તેજ વખતે તે બાબત શ્રી સાણંદમાં શેઠ આણંદજી કુશળચંદજીના નામથી પેઢી સારા મહુરતે સ્થાપન કરવી અને એ ધર્માદા કામોની પેઢીનું કામ સારી રીતે ચાલે તેને સારૂ એક સારા પાયા ઉપર ઘણા સદ્‌ગૃહસ્થોની કમીટી નીમવાનો ઠરાવ કરી (૮૦) માણુસોની કમીટી નીમી સભા વિસર્જન થઈ.

સદરહુ ઠરાવ મુજબ સંવત ૧૯૪૭ ના પોસ સુદી ૧૨ ને વાર બુધવાર તા० ૨૧ મી માહે જાનેવારી સને ૧૮૯૧ ના રોજ સદરહુ નામની દુકાન સ્થાપન કરવાનું શુભ મહુરત કરવામાં આવ્યું ત્યાર બાદ કમીટીએ શી રીતે કામ ચલાવવું તે બાબત જે ધારા કરવામાં આવ્યા તે નીચે મુજબ.

ઠરાવ.

૧ આ કમીટીમાં જે ૬૦ સદ્‌ગૃહસ્થોને મેમ્બરો ઠરાવ્યા છે તેમનાં નામ નીચે પ્રમાણે.

૧ મેહેતા દેવકરણભાઇ અદેકરણ.
૨ શેઠ સાંકળચંદ હુકમચંદ.
૩ મેહેતા ખુશાલભાઈ જેઠાભાઇ
૪ મેહેતા છગનભાઈ ખેમચંદ
૫ મેહેતા ગફુલભાઈ જેમલભાઇ
૬ મેહેતા ચતુરભાઈ કરશનભાઇ
૭ મેહેતા પદમશી જેઠાભાઈ
૮ મેહેતા રાઘવજી અમરતલાલ
૯ મેહેતા ભાઈચંદ વખતચંદ
૧૦ મેહેતા ચતુરભાઈ રૂપચંદ
૧૧ મેહેતા મલુકચંદ દેવચંદ
૧૨ શા૦ જીવાભાઈ ગોતમ
૧૩ શેઠ ઉજમશી મૂળચંદ
૧૪ મેહેતા ગફુલભાઇ સાંકળચંદ
૧૫ શેઠ નારણદાસ જીવણભાઈ
૧૬ મેહેતા કાળીદાસ દેવકરણભાઇ
૧૭ મેહેતા ચુનીલાલ કાળીદાસ
૧૮ શા૦ જીવણ પોપટભાઈ
૧૯ શા૦ જેમલ પુંનજી
૨૦ શા૦ બાપુભાઇ ડોસાભાઇ
૨૧ શેઠ જીવરાજ વખતચંદ.
૨૨ શેઠ ગગાભાઇ મોતીચંદ
૨૩ મેહેતા આણંદભાઈ દેવચંદ
૨૪ મેહેતા કેશવજી મકનજી
૨૫ જસાણી કલ્યાણજીભાઈ પુંજીરામ
૨૬ પટેલ જેઠાભાઇ હડીસીંગ
૨૭ પટેલ વરજલાલ ઈછાભાઇ
૨૮ વાઘેલા કુબેરજી સરદારસંગજી
૨૯ વાઘેલા કુબેરજી મદારસંગજી
૩૦ પંડયા માહાશંકર નથુરામ
૩૧ સનાથલા તેજાભાઈ સગનભાઈ
૩૨ બારોટ જેસંગ જેમલભાઈ
૩૩ મેહેતા રાજપાલ ડાહ્યાભાઇ
૩૪ મેહેતા મગનલાલ ચુનીલાલ
૩૫ શા૦ કુંવરજી મલુકચંદ
૩૬ શા૦ ઉજમશી માણેકચંદ
૩૭ ગોહેલ હકાભાઇ વરસંગભાઇ
૩૮ શા. દેવકરણ દીપચંદ
૩૯ ગાંધી ઉકાભાઈ જેઠાભાઇ
૪૦ મેહેતા મગનલાલ ભાયચંદ
૪૧ મેહેતા ચાંપશી મલુકચંદ
૪૨ મેહેતા ચતુરભાઈ તેજપાળ
૪૩ શેઠ વાડીલાલ ગગાભાઇ
૪૪ મેહેતા મકનભાઈ વાલજી
૪૫ દોસી ચુનીલાલ હીરાચંદ
૪૬ શા૦ વાડીલાલ દોલતચંદ
૪૭ શા૦ રાઘવજી પ્રેમચંદ
૪૮ શા૦ રાઘવજી હુકમચંદ.
૪૯ ગાંધી હીરાચંદ જસરાજ
૫૦ શા૦ આશારામ ઘેલુભાઈ
૫૧ મેહેતા ભુરાભાઈ જેઠાભાઈ
૫૨ શા. ટોકર રાયચંદ
૫૩ શા. જેઠાભાઇ મલુકચંદ
૫૪ મેહેતા મનસુખ ડાહ્યાભાઇ
૫૫ શેઠ હીરાચંદ ધનજીભાઇ
૫૬ ભાવસાર નરશી લખુ
૫૭ ગાંધી રણછોડ વલવ
૫૮ મેહેતા પરસોતમ રાઘવજી
૫૯ ગાંધી કચરા નથુભાઈ
૬૦ મેહેતા લલુભાઈ તલકચંદ
૬૧ મેહેતા હડીશંગ ગોવનજી
૬૨ શા૦ ભાયચંદ ગોકળ
૬૩ ગાંધી ઉકા પીતાંબર
૬૪ શા૦ ઓહેચરદાશ કલ્યાણજી
૬૫ મેહેતા લેહેરા સાંમજી
૬૬ શા૦ રાઘવજી ભાણજી
૬૭ શા૦ મોતીચંદ રતનજી
૬૮ શા૦ ત્રીકમ લાલચંદ

૬૯ ગાંધી ખેમચંદ ત્રીકમ
૭૦ મેહેતા ઉકાભાઇ કેશવજી
૭૧ સોની જીવરાજ શામજી
૭૨ ગાંધી ડાહ્યાભાઈ ભુરાભાઈ
૭૩ શા૦ છગનલાલ ભાણાભાઇ ઉરફે દોલતચંદ
૭૪ શા૦ તેજપાળ કચરા
૭૫ મેહેતા હઠીસંગ હેમલ
૭૬ શા મુળચંદ ઠાકરશી
૭૭ મહેતા કાળીદાસ ડુંગરશી.
૭૮ શા૦ દીપચંદ વખતચંદ
૭૯ દેશી ખેંગાર રાજપાળ
૮૦ શા૦ ભુરાભાઈ ઉકાભાઈ

૨ ઉપર પ્રમાણે (૮૦) મેમ્બરોની જનરલ કમીટી ઠરાવી છે. તેમાંથી (૨) પ્રેસીડેન્ટ (૨) વાઇસ પ્રેસીડેન્ટ (૨) ચેરમેન (૨) ઓડીટર (૪) વહીવટદાર (૫) વહીવટદારના મદદગાર (૨) સેક્રેટરી (૪) જોઈન્ટ સેક્રેટરી (૧) મોટી શીલીકના ટ્રેઝરર (૩) ધર્માદા ખેતરો વિગેરે ખાતાની શીલીકના ટ્રેઝરર અને વહીવટદાર (૨૪) જાનવરોની હમેશ વારાફરતી તપાસ કરવા જનારા (૮) બકરાંઓને દુધ પાવા જનારા તથા તે બાબતની તમામ દેખરેખ રાખનારા (૨) બકરાંને દુધપાવા વિગેરે કામમાં દેખરેખ રાખવા જનારા અને બાકી રહેલા મેમ્બરો સાથે નિમાયેલા કામવાળાઓમાંના કેટલાકને તેમાં દાખલ કરી (૪૦) સજ્જનોને જરૂરી પ્રસંગે તેમનાથી કામ લેવાના મેમ્બરો ઠરાવ્યા છે. તેઓ સર્વેના નામ તથા હોદ્દાની વિગત નીચે મુજબ.

પ્રેસીડેન્ટ

૧ મેહેતા દેવકરણભાઈ અદેકરણ
૨ શેઠ સાંકલચંદ હકમચંદ

વાઇસ પ્રેસીડેન્ટ

૧ મેહેતા ખુસાલભાઈ જેઠાભાઈ
૨ મેહેતા છગનભાઈ ખેમચંદ

ચેરમેન

૧ મેહેતા ગદુલભાઈ જેમલભાઈ
૨ મેહેતા ચતુરભાઇ કરસનભાઈ

ઓડીટર

૧ શેઠ સાંકળચંદ હકમચંદ
૨ મેહેતા ચતુરભાઈ કરસનભાઇ

મોહોટા વહિવટદાર દરેક જાતની વાર્ષિક ઉપજનો હિસાબ કરી તથા જુના લેણા દેણાની વસુલાત લાવનાર.

૧ શેઠ સાંકળચંદ હકમચંદ
૨ મહેતા ગદુલભાઇ જેમલભાઈ
૩ મેહેતા ચતુરભાઈ કરસનભાઈ
૪ મેહેતા પદમશી જેઠાભાઈ

મોહોટા વહિવટદારના મદદગાર.

૧ મેહેતા રાઘવજી અમરતલાલ
૨ મેહેતા ચતુરભાઈ રૂપચંદ
૩ મેહેતા ભાયચંદ વખતચંદ
૪ મેહેતા મલુકચંદ દેવચંદ
૫ શા. જીવાભાઈ ઓતમ

સેક્રેટરી.

૧ શેઠ ઉજમશી મુળચંદ
૨ મેહેતા ગદુલભાઈ સાંકળચંદ

જોઇંટ સેક્રેટરી.

૧ શેઠ નારણદાસ જીવણભાઈ
૨ મેહેતા ચુનીલાલ કાળીદાસ
૩ મેહેતા કાળીદાસ દેવકરણભાઈ
૪ શા૦ જીવણભાઇ પેપટભાઇ

મોહોટી શીલકના ટ્રેઝરર.

૧ મેહેતા ગફુલભાઈ જેમલભાઇ.

ધર્માદા ખેતરાં વિગેરે ખાતાની શીલકના ટ્રેઝરર તથા તેના તમામ કામના વહીવટદાર.

૧ શા૦ જેમલભાઈ પંજી
૨ શા૦ જીવાભાઇ ગોતમ
૩ બાપુભાઇ ડોસાભાઈ

જાનવરો વિગેરેની વારા પ્રમાણે તપાસ કરવા જનારા મેમ્બરો.

૧ શા૦ દેવકરણભાઇ દીપચંદ
૨ શેઠ વાડીલાલ ગગાભાઈ
૩ શેઠ હીરાચંદ ધનજીભાઈ
૪ મેહેતા મકનભાઈ વાહાલજી
૫ ગાંધી ખેમચંદ ત્રીકમ
૬ શા૦ વાડીલાલ દોલતચંદ
૭ શા૦ ટોકર રાયચંદ
૮ શા૦ બાપુભાઈ ડોશાભાઈ
૯ શા૦ દીપચંદ વખતચંદ
૧૦ મેહેતા પરસોતમ રાવજી
૧૧ જેઠાભાઈ મલુકચંદ
૧૨ શા૦ છગનલાલ દોલતચંદ
૧૩ મેહેતા ચાંપશી મલુકચંદ.
૧૪ મેહેતા મગનલાલ બાઈચંદ
૧૫ મેહેતા ભુરાભાઇ જેઠાભાઇ
૧૬ મેહેતા ઉકાભાઇ કેશવજી
૧૭ મેહેતા મનસુખ ડાહ્યાભાઇ
૧૮ ગાંધી ડાહ્યાભાઈ ભુરાભાઇ
૧૯ શા૦ રાઘવજી પ્રેમચંદ
૨૦ ગાંધી ઉકાભાઈ પીતાંબર
૨૧ શા૦ તેજપાળ કચરા
૨૨ શા૦ રાઘવજી હુકમચંદ
૨૩ શા૦ આશારામ ઘેલાભાઈ
૨૪ ગાંધી ઉકાભાઈ જેઠાભાઈ

બકરાંને દુધ પાવાની જરૂર રહે ત્યાં સુધી દુધ પાવા જનારા તથા તેમની તમામ બાબતની દેખરેખ રાખનારા મેમ્બરો.

૧ શા૦ ખેહેચરદાસ કલ્યાણજી
૨ મેહેતા લલુભાઈ તલકચંદ
૩ દોશી ચુનીલાલ હીરાચંદ
૪ મેહેતા લેહેરા સાંમજી
૫ મેહેતા હઠીસંઘ જેમલ
૬ શા૦ મુળચંદ ઠાકરશી
૭ મેહેતા હઠીસંગ ગોવનજી
૮ શા૦ ભાયચંદ ગોકળ.

બકરાં ઉપર હમેશાં દેખરેખ રાખનાર મેમ્બરો.

૧ શા૦ જીવાભાઇ ગોતમ
૨ મેહેતા ચતુરભાઇ તેજપાળ

દરેક કામ કરવા બાબત આગળ જેઓને નીમેલા છે તેમણે તથા તે સીવાય. નીચેના મેમ્બરોએ પણ જરૂરી પ્રસંગે ઠરાવેલા દીવસે પધારવું જોઇએ,

૧ મેહેતા દેવકરણભાઈ અદેકરણભાઇ
૨ શેઠ શાંકળચંદ હુકમચંદ
૩ મેહેતા ગફુલભાઇ જેમલભાઇ
૪ મેહેતા ચતુરભાઇ કરસનભાઈ
૫ મેહેતા અમથાભાઇ દેવચંદ
૬ મેહેતા પદમશી જેઠાભાઈ

૭ મેહેતા રાઘવજી અમરતલાલ
૮ મેહેતા ભાયચંદ વખતચંદ
૯ મેહેતા મલુકચંદ દેવચંદ
૧૦ શેઠ ઉજમશી મુળચંદ
૧૧ મેહેતા ગકુલભાઈ શાંકળચંદ
૧૨ મેહેતા કાળીદાસ દેવકરણભાઈ
૧૩ મેહેતા ચુનીલાલ કાળીદાસ
૧૪ શેઠ નારણદાસ જીવણભાઈ
૧૫ શા. જીવણ પોપટભાઈ
૧૬ શા. જેગલભાઈ પનજી
૧૭ શેઠ જીવરાજ વખતચંદ
૧૮ શા. બાપુભાઈ ડોસાભાઈ
૧૯ શેઠ વાડીલાલ ગગાભાઇ
૨૦ સા. વાડીલાલ દોલતચંદ
૨૧ મેહેતા ભુરાભાઈ જેઠાભાઈ
૨૨ મેહેતા ચાંપશી મલુકચંદ
૨૩ ગાંધી ઉકાભાઇ જેઠાભાઈ
૨૪ શેઠ હીરાચંદ ધનજીભાઇ
૨૫ શા. રાઘવજી પ્રેમચંદ
૨૬ દોશી ચુનીલાલ હીરાચંદ
૨૭ શા. ઉજમશી માણેકચંદ
૨૮ શા. રાઘવજી હુકમચંદ
૨૯ મેહેતા લેહેરા શામજી
૩૦ મેહેતા લલુભાઈ તલકચંદ
૩૧ શા. રાઘવજી ભાણજી
૩૨ શા. કુંવરજી મલુકચંદ
૩૩ મેહેતા કેસવજી મકનજી
૩૪ શા. જેઠાભાઈ મલુકચંદ
૩૫ મેહેતા હઠીસંગ મોનજી
૩૬ શા. દીપચંદ વખતચંદ
૩૭ ગાંધી ઉકાભાઇ પીતાંબર
૩૮ ગાંધી કચરા નથુભાઇ
૩૯ ગાંધી ખેમચંદ ત્રીકમ
૪૦ મેહેતા હઠીસગ જેમલ

૩ મેનેજીંગ કમીટીના મેમ્બરોની સંખ્યા (૪૦) ચાલીસની કરવામાં આવી છે તેમાં (૨) ચેરમેન (૨) સેક્રેટેરી (૪) જોઇન્ટ સેક્રેટેરી મળી આઠ અગાઉ જે પાયરીઓ છે તેજ પાયરીઓ આ કમીટીમાં પણ નીમ્યા છે. ને બાકીના ખુટતા (૩૨) બીજા હોદ્દાદારની પાયરીમાં તથા મેમ્બરોમાંથી ચુંટી કાઢીને આ કમીટીના (૪૦) ચાલીસ મેમ્બરોની સંખ્યા પુરી કરેલી છે. માટે મેનેજીંગ કમીટી મળે તો વખતે નીચેના સદ્‌ગૃહસ્થોએ પણ પધારવું જોઈએ.

૧ દેવકરણભાઇ આદેકરણભાઈ
૨ શેઠ સાંકળચંદ હુકમચંદ
૩ મેહેતા અમથાભાઈ દેવચંદ
૪ મેહેતા પદમશી જેઠાભાઈ
૫ મેહેતા રાઘવજી અમરતલાલ
૬ મેહેતા ભાયચંદ વખતચંદ.
૭ મેહેતા મલુકચંદ દેવચંદ
૮ શા૦ જેગલભાઈ પનજી
૯ શેઠ જીવરાજ વખતચંદ
૧૦ શા૦ બાપુભાઈ ડોસાભાઈ
૧૧ શેઠ વાડીલાલ ગગાભાઇ
૧૨ શા૦ વાડીલાલ દોલતચંદ
૧૩ મેહેતા ભુરાભાઈ જેઠાભાઈ
૧૪ મેહેતા ચાંપશી મલુકચંદ
૧૫ ગાંધી ઉકાભાઈ જેઠાભાઈ
૧૬ શેઠ હીરાચંદ ધનજીભાઇ
૧૭ શા૦ રાઘવજી પ્રેમચંદ
૧૮ દોશી ચુનીલાલ હીરાચંદ
૧૯ શા૦ ઉજમશી માણેકચંદ
૨૦ શા૦ રાઘવજી હુકમચંદ
૨૧ મેહેતા લેહેરા શામજી
૨૨ મેહેતા લલુભાઇ તલકચંદ,
૨૩ શા૦ રાઘવજી ભાણજી
૨૪ શા૦ કુંવરજી મલુકચંદ
૨૫ મેહેતા કેસવજી મકનજી
૨૬ શા૦ જેઠાભાઈ મલુકચંદ
૨૭ મેહેતા હઠીસંગ મોનજી
૨૮ શા૦ દીપચંદ વખતચંદ
૨૯ ગાંધી. ઉકાભાઈ પીતાંબર
૩૦ ગાંધી કચરા નથુભાઈ
૩૧ ગાંધી ખેમચંદ ત્રીકમ
૩૨ મેહેતા હઠીસગ જેમલ

જનરલ કમીટી મહિનામાં એકવાર એટલે દર મહીનાની સુદી ૧ ના રોજ ભરાશે તે માં પધારનાર મેમ્બરોએ કમીટીનું કામ છેવટ થતાં સુધી હાજર રેહેવું જોઈએ.

૫ મેનેજીંગ કમીટીએ દર ગુરૂવારે સાંજના મળવું તેમાં જે કામકાજ ચાલે તે તમામ પુરૂં થઈ રેહેતાં સુધી કોઈ મેમ્બરે અગત્યના કારણ શિવાય ઉઠી જવું નહી.

૬ જનરલ તથા મેનેજીંગ કમીટીમાં જે જે હોદ્દેદારો તથા મેમ્બરો નિમવામાં આવ્યા છે. તેટલાથી અડધા ભેગા થએ કોરમ થયું ગણી કમીટીનું કામ ચલાવવું અને તેમાં જે જે ઠરાવ ઝાઝા મતે થશે તેજ મંજુર કરવામાં આવશે.

૭ જો સભા ભરાયાના વખતે કોરમ પુરૂં થયું હોય પણ પ્રેસીડેન્ટ, વાઈસપ્રેસીડેન્ટ, કે ચેરમેન હાજર થઈ શકયા ન હોયતો હાજર થએલા સભાજનો માંહેથી ઝાઝા મતે એક ચેરમેન તે વખતે ચુંટી કાઢી.સભાનું કામ સરૂં કરવું.

૮ જનરલ કમીટી દર મહિને ને મેનેજીંગ કમીટી દર ગુરૂવારે ભરાવવાનું ઠરાવ્યું છે પણ અગત્યના કારણસર સેક્રેટરી તે બેમાંથી ગમે તે કમીટીને વચગાળે પણ બોલાવે તો તે કમીટીના.ગૃહસ્થોએ પધારવું જોઈએ.

૯ બન્ને કમીટીના કામકાજમાં જે જે ફેરફાર કરવો પડે તે જનરલ કમીટી ઝાઝા મતે કરી શકશે પણ જો બે તરફ સરખા મત થાય તો પ્રેસીડેન્ટ જે તરફ હોય તેમના બે મત ગણવા.

૧૦ કમીટીના કામ સંબંધી જેને જે કાંઈ જાહેર કરવાનું હોય તેણે સેક્રેટરીને લખી તવાર મોકલવું તે સેક્રેટરીએ કમીટી આગળ જાહેર કરવું.

૧૧ મેનેજીંગ અગર જનરલ કમીટી જ્યારે જ્યારે ભરાય ત્યારે શરૂમાં સેક્રેટરીએ જે કાંઈ હકીકત જાહેર કરવા યોગ્ય હોય તે કમીટી આગળ મુકવી. અને તે બાબત જે જે ઠરાવ થાય તેનું પ્રોસીડિંગ સેક્રેટરીએ એક પ્રોસીડિંગ બુક રાખીને તેમાં લખવું ને તે નીચે જનરલમાં પ્રેસીડેન્ટ કે મેનેજીંગમાં ચેરમેન તે વખતે જે હોય તેની સહી કરાવવી.

૧૨ મેનેજીંગ કે જનરલ કમીટી મળવાના દીવસે કોઇ મેમ્બરથી કાંઇ કારણસર તેમાં હાજર થઇ શકાય નહી તેમ કામ ગએલ હોય કે પરગામ જવું હોય તો સેક્રેટરીને ચીઠી લખી મોકલવી તેમ નહી કરશે તેને ગેરહાજર ગણવામાં આવશે. સેક્રેટરીએ જરૂરસર રજાના વારો ચેરમેનને ચીઠી લખી મોકલવી.

૧૩ જનરલ કમિટી અગર મેનેજીંગ કમિટીમાં જે જે ગૃહસ્થો જે જે કામપર છે તે માંના દરેકોઇને ખરાબ વર્તણુકથી જનરલ કમિટીની મંજુરીથી દુર કરવાની સત્તા છે.

૧૪ મેનેજીંગ કમિટી પોતાનો બધો વહિવટ જનરલ કમિટીની દેખરેખ નિચે કરશે ને મોટું કામ હશેતો જનરલ કમિટીની મંજુરીથી કરવામાં આવશે.

૧૫ મેનેજીંગ કે જનરલ કમિટીમાં જેની રેહેવાની ખુશી ના હોય, તેણે કારણ સાથે રાજીનામું લખી મોકલવું પણ તે રાજીનામું મંજુર કરાવવા જ્યારે કમિટી મળે ત્યારે તેમાં તેણે જાતે હાજર થવું. પણ જો કોઇ મેમ્બરનું પરગામ રેહેવું થતું હોય અથવા માંદગીના સબબથી કમિટીમાં આવવા અશકય હોયતો રાજીનામામાં લખેલું કારણ જનરલ કમિટીના ઝાઝા મતે વ્યાજબી ગેરવ્યાજબી ગણીને મંજુર કે નામંજુર ગણવામાં આવશે.

૧૬ આ કમિટીઓમાં જેને મેમ્બર તરીકે દાખલ થવાની મરજી હોય તેણે જનરલ કમિટીમાં અરજી આપેથી તપાસ કરી દાખલ કરવામાં આવશે.

૧૭ કોઈ માણસ મરી જાય તેની પછળ જે કાંઈ ધર્માદા કીધો હશે તેણે તેજ વરસના અસાડ સુદી ૨ થી તે ભાદરવા સુદી ૫ સુધીમાં આપી દેવો. અને તુરત તેનું ખરચ કરવું હશે તો તે ખરચના આગલા દીવશ સુધીમાં તે ધર્માદો ચુકવવો ને ખરચ કરવાનો વિલંબ હોય તો બાર માસમાં ખરચ કરે કે ના કરે તોપણ ચુકવવો. તથા જેની પસે પ્રથમનું લેહેણું હશે તે તથા નવી સાલોમાં દેવું થતું જાય તે સરવે રૂપૈયા દરેક સાલના અસાડ સુદ ૨ થી તે ભાદરવા સુદ ૫ સુધીમાં મોટા વહિવટદારેને ત્યાં ભરી દેવા અને તે પ્રમાણે જે નહી વર્તે તેને માટે જનરલ કમિટી જે ઠરાવ કરશે તે ઝાઝા મતે મંજુર કરવામાં આવશે.

૧૮ આ ધર્માદા પેઢીની પેટી કે ત્રીજોરી તેની પેઢીમાં રાખવી અને તેને ચગનું તાળું વાસવું ને તેના મથાળે રૂપૈયો નંખાય તેવું એક બાકુ પડાવી તે રાખવી. પછી જેને તેમાં કાંઈ છાનું કે ઉઘાડી રીતે નાંખવું હોય તેને બાકેથી સુખેથી નાંખે. તેમજ બીજી પેટીઓ બીજી જગોએ મુકવાને જરૂર જણાય તે પણ પાકા બાપના સાથે મુકવી પછી તે પેટીએ મહિને મહિને જે આડીટરો નિમ્યા છે તેમણે જઇ ઉઘાડી તેમાંથી નિકળેલા પઈસા ગણી લેઈને તુરત ચોપડામાં જમે કરાવવું.

૧૯ ધર્માદા સબંધી જે જે દસ્તાવેજ કીંવા દસ્તાવેજો તથા પેસા જેને ત્યાં હોય તે સરવે આ કમિટીઓમાંના તે ખાતાના હોદ્દેદારોને આપી દેવા.

૨૦ સદરહુ સરવે બાબતોનો હિસાબ કોઇ મેમ્બર કે માહાજનનો આદમી જોવા માંગે તો જેની પાસે હોય તેણે હરકોઈ હિતવાળાને બતાવવો જોઈએ.

૨૧ કોઈ જગ્યોએથી ઢોર અત્રેના માહાજનમાં આવે તેમાં દસ સુધીનાં સભાગાના હરકોઈ મેમ્બર અથવા મુનીમની સહીથી રાખવાં ને જુદે હોય તેમ જે જે મોકલવાં હોય અગર વેચાથી આપવાં હોય તે સરવે ચેરમેનના હુકમ પ્રમાણે કરવું જો કોઈ કારણથી ચેરમેન ગેરહાજર અથવા અશકય હોય તો પ્રેસીડેન્ટ કીંવા વાઈસપ્રેસીડેન્ટના હુકમ પ્રમાણે કરવું ને તેમની ગેરહાજરીમાં સેક્રેટરીના હુકમથી તે કામ કરવું.

૨૨ પગારદાર કારકુન તથા ચાકરોની કસુર આવવાથી રૂપૈયા એક સુધી તેનો દંડ કરવાને સેક્રેટરીને મુખત્યારી છે ને જાદેને વાસ્તે તથા બરતરફ કરવા તથા નવો રાખવાને વહિવટદારની સલાહ પ્રમાણે સેક્રેટરીએ કરવું.

૨૩ ધર્માદા બાબતના સબંધી ગણુવટ તથા ભાડાચીઠીઓ વિગરે જે જે દસ્તાવજો લખાવવા પડે તે વહિવટદારના નામથી લખાવવા તથા તે બાબત ફરફરીયાદીઓ કરવી પડે તે તથા હરકોઇ પેહોંચ વિગરે આપવી પડે તે પણ સદરહુ વહિવટદારના નામથી કરવામાં આવશે. અને તે શિવાયની ફરફરીયાદીઓ કરવી પડે તે હરકોઇ મેમ્બરના નામથી તથા મુનીમના નામથી કરવામાં આવશે.

૨૪ સદરહુ ખાબતોની શીલીકમાંથી હરકોઈને રૂપૈયા વ્યાજે આપવા હોય તો આંગડ ધાર અથવા (દાગીના ઉપર) તેમ બીજી મિલકત ઉપર જનરલ કમિટીની મંજુરીથી આ પવા તેનું કામ સદરહુ વહિવટદારે તથા સેક્રેટરીએ કરવું.

૨૫ બંન્ને કમિટીના જે જે હોદેદારો તથા મેમ્બરોની વગર કારણે ગેરહાજરી થઈ હશે તથા તેમના કામમાં ગેરવ્યાજબી કસુર આવી હશે તેને માટે જનરલ કમિટી ઠરાવ કરશે તે તેઓએ કબુલ રાખવો પડશે.

૨૬ જે જે ઠેકાણે શીલક રાખવામાં આવી છે તથા દસ્તાવેજો રાખવાનો ઠરાવ કરવામાં આવ્યો છે તેમની પાસેથી જનરલ કમિટી લઈ લેવાનો ઠરાવ કરશે તે વખતે ઉઝર કર્યા વગર તુરત તેને તે સોંપી દેવી.

કમીટીના હોદ્દાદારોએ કામ કરવાની વિગત.

૧ પ્રેસીડેન્ટે જનરલ કમિટીના ચાલતા હિસાબમાં તથા ટ્રેઝરર વિગેરેના હિસાબમાં દર મહિને તપાસ કરી સહી કરવી. તથા કમિટીના દરેક કામમાં દેખરેખ રાખવી.

૨ વાઇસ પ્રેસીડેન્ટે પ્રેસીડેન્ટના મદદગાર તરીકે કામ કરવું તથા પ્રેસીડેન્ટની ગેર હાજરીમાં પ્રેસીડેન્ટના હોદ્દાનું સઘળું કામ કરવું.

૩ ચેરમેને મેનેજીંગ કમિટીના ચાલતા હિસાબમાં તથા ટ્રેઝરર વિગેરેના હિસાબમાં દર ગુરૂવારે તપાસ કરી સહી કરવી તથા કમિટીના દરેક કામમાં દેખરેખ રાખવી.

૪ ઓડીટરોએ દર માસે તમામ હિસાબ (તથા શીલીકો) તપાસી સહીઓ કરવી. અને હિસાબ લખનારને રૂપૈયા જોઈએ. તે મોટા શીલીકદારને ત્યાંથી મંગાવે તેમાં પણ તપાસી સહીઓ કરવી.

૫ મોટા વહિવટદારે દરેક જાતની વાર્ષિક ઉપજનો હિસાબ કરી વસુલાત લાવવી. તેમ જ દરેક પ્રકારના જુના લેણા દેણા બાબત હિસાબ કરી વસુલાત આપવી લેવી. તથા ખોડા ઢોર વાગેરે સંબંધીના તમામ દસ્તાવેજો તથા ભાડા ચીઠીઓ તથા ગણુવરો જ્યાં હશે ત્યાંથી લાવી મોટા ટરેઝરરને ત્યાં મોકલવા અને ભાડા ચીઠીઓ તથા ગણુવરો વિગેરે દસ્તાવેજો ખરડો રાખી દરસાલ પોતાના નામથી નવા કરાવવા તથા આ કાયદા પ્રમાણેનું બાકીનું સર્વે કામ યથાર્થ લક્ષ આપી કરવું.

૬ મોટા વહિવટદારના મદદગારે તેમની મુદતમાં બધા કામમાં રહેવું.

૭ સેક્રેટરીએ કમિટી ભરાય તે વખત જે કાંઈ નવાજુની હકિકત જાહેર કરવાની હોય તે સર્વ જાહેર કરવાને તે ઉપર જે કાંઈ ઠરાવ થાય તે પ્રોસીડીંગ બુકમાં લખવા. તથા ચાલતા કામમાં તપાસ રાખી કામ કરવું. ને કાગળ પત્રનો વ્યવહાર ચલાવવો.

૮ જોઈન્ટ સેક્રેટરીએ સેક્રેટરીની દેખરેખ નીચે ને સેક્રેટરી કહે તે પ્રમાણે મદદગાર તરીકે કામ કરવું.

૯ ખોડાઢોરની મોટી શીલીકના ટ્રેઝરરે મોટી શીલીક રાખવી પણ હીસાબ લખનાર જે કાંઈ રૂપીઆ મોકલે તે લેવા અને મંગાવે તો ઓડીટરની તે ઉપર સહી થઈ હોય તો આપ

વા ને તેનો હીસાબ બરાબર રાખવો ને તે કમીટી માગે તે વખતે રજુ કરવો. તેમ ઓડીટરો માગે તે વખતે દેખાડી મંજુર કરાવી તેમની સહીઓ કરાવવી તથા બોકડાદોર સબંધી જે જે દસ્તાવેજો, ભાડાચીઠીઓ, ગણોતો, વિગેરે હશે તે સાચવી રાખવા તથા તે સબંધીના જે દસ્તાવજો જેને ત્યાં હસે તે મોહોટા વહીવટદારો મંગાવી મોકલે તે રાખવા તથા તે સબંધના નવા દસ્તાવેજો થાય તે સર્વે સુરક્ષીત પણે રાખવા.

૧૦ દુકાનના હીસાબ લખનાર દુકાનના ગુમાસ્તાએ બોકડાદોર સબંધી સેક્રેટરીની રજા મુજબ જાવક આવકના ખર્ચનો તમામ હીસાબ લખવો ને રૂપીઆ સો સુધીની શીલીક તેમને ત્યાં રાખવી. અને વધારે ભેગી થયે મોટા ટ્રેઝરર ને ત્યાં મોકલવી. અને જો કદાચ પોતાને ત્યાં શીલીક ના હોય અગર વધારે જોઈએ તો ટ્રેઝરર ઉપર ચીઠી લખી ઓડીટરની સહી કરાવી મંગાવી લેવી. પણ તેનો હીસાબ રોજના રોજ લખવો કે જે વખતે કમીટી મંગાવે તે વખતે તૈયાર હોય અને ઓડીટરો માગે તે વખતે દેખાડી મંજુર કરાવી સહીયો લેવી તથા મોહોટા વહીવટદારો જે હીસાબ લખાવે તે પ્રમાણે લખવો અને દુકાને હીસાબ લખનાર ગુમાસ્તો ન હોય ત્યારે સેક્રેટરીએ પોતાની સત્તાથી ખર્ચ કરી તમામ હીસાબ લખવો અને સદરહુ ચોપડામાં દરરોજ સહી કરવી.

૧૧ ધર્માદાખાતાના ખેતરાં વીગરેની શીલીક રાખનારે તથા વહીવટ કરનારે કુલ રીલક પોતાના તાબામાં રાખવી, તથા જાવક આવકના ખરચનો તમામ હીસાબ રોજને રોજ લખવો. અને જે વખતે કમીટી મંગાવે તે વખતે તૈયાર બનાવવો અને ઓડીટરો માગે તે વખતે દેખાડી મંજુર કરાવી તેમની સહીયો લેવી. તેઓ પોતે જે કાંઈ ખરચ કરે તે ઓડીટરની મંજુરીથી કરવું વળી એ સંબંધના જેને ત્યાં જે જે દસ્તાવેજો હોય તે સર્વે મંગાવી પોતાના સ્વાધીનમાં રાખવા. તથા તેના સબંધના જે જે દસ્તાવેજો, ગણોતો, ભાડા ચીઠીઓ, વીગરે નવું કરાવવા યોગ્ય હોય તે વહીવટદારે પોતાના નામથી કરાવવું તથા જેને ત્યાં તે ખાતાના પૈસા હોય તે વસુલ લેવા.

૧૨ જાનવરો વિગેરેનો તપાસ કરવા જનાર મેમ્બરોએ પત્રક સાથે લેઈ જઈ જાનવરો ગણી જાતવાર આસનમાં તેની થાય તેટલી સંખ્યા ભરવી. ને તે પ્રમાણે દીવસ (૧૫) પંદર સુધી દર રોજ કરવું. અને તે ઉપરાંત તમામ કામની તપાસ રાખવી, અને કોઈ વાતમાં ફેરફાર કે નવા જુની કરવા જેવું હોય તો સેક્રેટરીને જાહેર કરવું અને પોતાનું કામ દીવસ (૧૫) પંદર સુધીનું પુરૂં થયે સેક્રેટરીને પત્રક બતાવી તે ચારજ આપવો. અને તે બીજા વારાવાળાને સેક્રેટરીયે બોલાવી તે ચારજ આપવો. અને તે બીજા વારાવાળા મેમ્બરે ઉપર [illegible] કામ કરવું આ પ્રમાણે વરસ (૧) એકમાં બબે મેમ્બરે બે હફતે થઈને માસ (૧) એક સુધી કામ કરવું.

૧૩ બકરાંને દુધ પાવા જનારાઓએ બકરાં દીઠ હમેશાં સવાર અને સાંજ દુધ પત્રાવવું તથા તે બાબતની તમામ સાર સંભાળ રાખવી. અને તે બાબતમાં તેમણે જે કાંઈ જાહેર કરવું હોય તે સેક્રેટરીને કરવું વળી જે દુધ આવે તે પરખી લેઈને રજીસ્ટરમાં ભરાવી પત્રકમાં લખી તે નીચે સહી કરવી અને તે પત્રક વારો પુરો થયે સેક્રેટરીની પાસે મંજુર કરાવી સહી લઈ બીજા વારાવાળાનું નામ સેક્રેટરી બતાવી આપે તેને સોંપવું. આ પ્રમાણે દરેક મેમ્બરે માસ (૧) એક સુધી સવારે જવું. ને બીજાએ સાંજે જવું. ને

તેજ પ્રમાણે તેના ઉપર દેખરેખ રાખનારા દરેકે સાંજ સવાર દુધ પાવાની જરૂર હોય ત્યાં સુધી જવું ને તે મુજબ સર્વે મેમ્બરોએ વારા પ્રમાણે તુરત કામ કરવા જવું ને બીજી સાલમાં દુધ પાવાનું શરૂ થયે પાછું તેમને તે પ્રમાણે વર્તવું.

૧૪ ખોડાઢોરના કામ માટે ઘાસ, દાંણો, કપાશીયા, દુધ, પગાર, વિગરે સારૂ એકી વખતે રૂ૧૦૦) અંકે સો રૂપીઆ સુધીનું ખર્ચ કરવાને સેક્રેટરીને પરવાનગી છે. ને તે પૈસા હીસાબી લખનાર ઉપર ચીઠી લખી સેક્રેટરીએ અપાવવા. જાદેને વાસ્તે કમીટીની મંજુરી લેવી.

૧૫ કમિટીના તમામ નોકરોએ સેક્રેટરીના હુકમ પ્રમાણે તેમના તાબામાં કામ કરવું ને તેમનો પગાર સેક્રેટરીનું લખાણ આવેથી હિસાબી લખનાર આપવો.

૧૬ મરનાર મરદની પાછળ તેમની ઓરતોના ચુડા ખોડઢોર ખાતે આપવાનો રીવા જ ચાલુ છે તે પ્રમાણે સરવે કોઇએ તેના ચુડા દોશી રાજપાળ સંગજીને ત્યાં મોકલવા ને તેનો ગજકુર દોશી રાજપાળ સંઘજીવાળએ બરોબર હિસાબ રાખવો. અને કમિટી જોવા માગે તે વખતે તૈયાર રજુ કરવો અને ઓડીટરો માગે તે વખતે દેખાડીને તેમની સહી લેવી ને તેમાંના જે કાંઇ વેચ્યા હોય તો તે વેચાણની કીમતના રૂપૈયા ઓડીટરોની સહીથી દુકાને દર મહિનાની સુદી ૨ ના રોજ ભરવા.

ઉપર પ્રમાણે જનરલ કમીટી મળીને ઠરાવ કર્યા છે તે બન્ને કમીટીવાળાને કબુલ મંજુર છે. આ સીવાય જરૂરસર કોઇ નવા ઠરાવ કરવા પડશે તો તે કમીટી મળતી વખતે પ્રોસીડીંગ લખાશે માટે તે પ્રોસીડીંગમાં લખેલા ઠરાવ પણ જનરલ કમીટીના બધા મેમ્બર ને પાળવાને બંધન કારક છે. માટે જનરલ કમીટીના બધા મેમ્બરોની આ નીચે સહી કરાવવામાં આવી છે.

આ કાયદો સદરહુ કમીટીએ ઘડેલો હતો તેને અમદાવાદના રેહેવાસી શા૦ લલુભાઈ સુરચંદે ખરા તન મનથી પરીશ્રમ લેઈ સુધારી આપ્યો તેથી તેમનો આ કમીટી ઉપકાર માને છે દા. શેઠ વાડીલાલ ગગાભાઈ સાંભુદના,

૧ મેહેતા દેવકરણ આદેકરણ સહી
૨ શેઠ સાંકળચંદ હુકમચંદ સહી
૩ મેહેતા ખુશાલભાઈ જેઠાભાઈ સહી
૪ મેહેતા છગનલાલ ખેમચંદ સહી
૫ મેહેતા ગફુલભાઇ જેમલભાઈ સહી
૬ મેહેતા ચતુરભાઈ કરશનભાઈ સહી
૭ મેહેતા પદમસી જેઠાભાઈ સહી
૮ મેહેતા રાઘવજી અમરતલાલ સહી
૯ મેહેતા ભાઇચંદ વખતચંદ સહી
૧૦ મેહેતા ચતુર રૂપચદ સહી
૧૧ મેહેતા મલુક દેવચંદ સહી
૧૨ મેહેતા જીવાભાઈ ઓતમ સહી
૧૩ શેઠ ઉજમશી મુળચંદ સહી
૧૪ મેહેતા ગફુલભાઇ સાંકળચંદ સહી
૧૫ શેઠ નારણ જીવણ સહી
૧૬ મેહેતા કાળીદાસ દેવકરણ સહી
૧૭ મેહેતા ચુનીલાલ કાળીદાસ સહી
૧૮ શા. જીવણ પોપટભાઇ સહી
૧૯ શા. જેમલ પંનજી સહી
૨૦ શા. બાપુ ડોસાભાઈ સહી
૨૧ શેઠ જીવરાજ વખતચંદ સહી
૨૨ શેઠ ગગાભાઈ મોતીચંદ સહી દા. વાડીલાલ ગગાભાઈ
૨૩ મેહેતા આણંદભાઈ દેવચંદ સહી દા. ખ

ધરમચંદ ડેમચંદ
૨૪ મેહેતા કેશવજી મકનજી સહી
૨૫ જમાની કલ્યાણજીભાઇ પુજારામ સહી
૨૬ પા. જેઠાભાઈ હઠીસંગ સહી દા. પોતાના
૨૭ પટેલ વરજભાઇ છછાભાઈ સહી દા. પોતે
૨૮ વાઘેલા કુબેરજી સરદારસંગજી સહી દા. પોતાના
૨૯ વાઘેલા કુબેરજી મદારસંગ સહી દા. શેઠ વાડીલાલ ગગાભાઈ
૩૦ પંડા. ગાહાશંકર નથુરામ
૩૧ સનાથલા તેજાભાઈ સજનભાઈ સહી દા. પોતે
૩૨ જેશંગ જેગલભાઈ બારોટ સહી દા. પોતે
૩૩ મેહેતા રાજપાળ ડાહ્યાભાઈ સહી દા. પોતે
૩૪ મેહેતા મગન ચુનીલાલ સહી દા. પોતના
૩૫ શા કુંવરજી મલુકચંદ સહી દા. માલજી નગીન
૩૬ શા. ઉજમશી માણેકચંદ સહી દા પોતે
૩૭ ગોહલ દકાભાઈ વરસંગ સહી દા પોતે
૩૮ શા. દેવકરણ દીપચંદ સહી દા. પોતે
૩૯ ગાંધી ઉકા જેઠા સહી દા પોતાના
૪૦ મેહેતા મગનલાલ ભાઈચંદ સહી દા. ઉકા નથુભાઈ
૪૧ મેહેતા ચાંપસી મલુકચંદ સહી
૪૨ ચતુરભાઈ તેજપાલ સહી
૪૩ શેઠ વાડીલાલ ગગાભાઈ સહી દા. પોતે
૪૪ મેહેતા મકન વાહાલજી સહી દા. પોતે
૪૫ દોસી ચુનીલાલ હીરાચંદ સહી દા પોતે
૪૬ વાડીલાલ દોલત સહી દા પોતે
૪૭ શા. [illegible]વજી પ્રેમચંદ સહી દા૦ પોતે
૪૮ શા. રઘજી હકમચંદ સહી દા. પોતે
૪૯ ગાંધી હીરાચંદ જસરાજ સહી દા૦ પોતે
૫૦ મેહેતા આશારામ ઘેહેલા સહી દા૦ પોતે
૫૧ મેહેતા ભુરા જેઠાભાઇ સહી
૫૨ શા. ટોકર રાયચંદ સહી દા૦ પોતે
૫૩ શા. જેઠાભાઇ મલુકચંદ સહી
૫૪ મેહેતા મનસુખ ડાહ્યાભાઈ સહી દા. પોતે
૫૫ શેઠ હીરાચંદ ધનજીભાઈ સહી
૫૬ ભાવસાર નરસીદાસ લખમીચંદ સહી
૫૭ ગાંધી રણછોડ વલવદાસ સહી
૫૮ મેહેતા પરસોતમ રાવજી સહી દા૦ પોતે
૫૯ ગાંધી કચરા નથુભાઈ સહી દા પોતાના
૬૦ મેહેતા લલુ તલકચંદ સહી દા૦ પોતે
૬૧ મેહેતા હઠીશંઘ ગોવનજી સહી દા૦ પોતે
૬૨ શા૦ ભાઈચંદ ગોકળદાસ દા૦ પોતે
૬૩ ગાંધી ઉકા પીતાંબર સહી
૬૪ શા૦ મેહેચર કલ્યાણજી સહી દા૦ પોતે
૬૫ મેહેતા લેહેરા સામજી સહી દા૦ પોતે
૬૬ શા૦ રઘવજી ભાણજી સહી દા પોતાના
૬૭ શા૦ મોતીચંદ રતનચંદ સહી દા૦ પોતાના
૬૮ શા૦ ત્રીકમ લાલચંદ સહી
૬૯ ગાંધી પ્રેમચંદ ત્રીકમ સહી દા૦ ધનજી ગલાબચંદ
૭૦ મેહેતા ઉકા કેશવજી સહી
૭૧ સોની જીવા સવજી સહી
૭૨ ગાંધી ડહ્યા ભુરા સહી દા૦ પોતે
૭૩ શા૦ છગન દેવચંદ સહી દા પોતાના
૭૪ શા૦ તેજપાળ કચરા સહી દા૦ પોતાના
૭૫ મેહેતા હરી જેઠમલ સહી
૭૬ શા૦ મુળચંદ ઠાકરશી સહી દા૦ પોતાના
૭૭ મેહેતા મણીદાસ ડુંગરશી સહી દા૦ પોતાના
૭૮ દીપા વખતચંદ સહી દા૦ પોતે
૭૯ દોસી બકોર રાજપાળ સહી દા૦ પોતે
૮૦ શા૦ ભુરા ખેમચંદ સહી દા૦ પોતે

પ્રભુજીને વિનતી

વિનતી ધરજ્યો ધ્યાન, જીનવર વિનતી ધરજ્યો ધ્યાન. એ રાગ.

વિનતડી અવધાર, પ્રભુજી આ વિનતડી અવધાર. એ આંકણી.

અકળ સ્વરૂપ કહેવાએ તમારૂં, ગુણ તણો નહીં પાર. પ્રભુજી. ૧
આમ સેવક પર મેહેર કરીને, ઉતારો ભવ પાર, પ્રભુજી. ૨
ખોડાંઢોરના જીવો સરવને, દુઃખ છે અપરંપાર. પ્રભુજી. ૩
ગરીબ લોક પણ રાંક જેવા જેને, ખાવા મળે ન લગાર. પ્રભુજી. ૪
તે સર્વેના કષ્ટને હરવા, કરવા પર ઉપકાર. પ્રભુજી. ૫
સાણંદ શેહેરના સંઘે મળીને, સભા ઠરાવી શ્રીકાર. પ્રભુજી ૬
તેહ તણાં સહુ કાજ સુધારો, નાથ તમારો આધાર. પ્રભુજી. ૭
સંભાળ લેઇને સુખિયા કરવા, હૈયામાં હોંશ અપાર. પ્રભુજી. ૮
એવા ઉત્તમ વિચાર સરવના, સિદ્ધ કરો કિરતાર. પ્રભુજી. ૯
જૈનબોધ કર જોડી કહે છે, સદા કરો સુખકાર. પ્રભુજી. ૧૦

મહુરત વિશે પ્રભુજીને વિનતી.

આવ્યા ફરી ચોમાસુ આજરે ગુરૂ વંદના મારી. એ રાગ.

આવી કીધું મહુરત આજરે, પ્રભુ વંદના મારી.
વંદના મારી વંદના મારી, અરજે લેજ્યોજી સ્વીકારી. પ્રભુ વંદના મારી.
સુભસસી નીધી વેદ સપ્તને, પોસ સુકલ સુખકારી. પ્રભુ વંદના મારી.
૧ ૯ ૪ ૭
દ્વાદસી દીવસે ચડતે પોહોરે, પેઢી સ્થાપી મનોહારી. પ્રભુ વંદના મારી.
સહુ સંઘે મળી નામ સ્થાપ્યું છે, આણંદ કુશળ કારી. પ્રભુ વંદના મારી.
સસી કળાની પેરે ચઢતી, સદા થાઓ જયકારી. પ્રભુ વંદના મારી.
જૈનબોધ પ્રકાશની વિનતી, સ્વિકારો ઉર ધારી. પ્રભુ વંદના મારી.

અહાહા શી ખિલી ચંદા. એ રાગ.

કૃપાળુ દેવ શ્રી અરિહંત અર્જ હમારી છે ગુણવંત કૃપાળુ.
તુમ કૃપાથી મહુરત આજ, મળિ સહુ સંઘ કરે સુભ કાજ. કૃપાળુ.
મેહેરતો કરો વિઘનને હરો, દયા દિલ લાવી દો સુખનો ઝરો. કૃપાળુ.
ત્રિજગ તાતા, મુકિત દાતા, દુરગતિ દૂરે કરો ભ્રાતા. કૃપાળુ.
આ ભવ જે બાંધી ઉપાધી, કરી મેહેર સર્વ ટાળો વ્યાધી. કૃપાળુ.
કહે જૈનબોધ કર જોડી, પ્રભુજીસેં અર્જ હે મોરી. કૃપાળુ.

હરીગીત છંદ

પ્રભુ આજનો દિન ધન્યનો, સહુ સજ્જનો ભેળા થયા;
સુભ કામ કરવા હામ બાંધી, પશુ ઉપર આણી દયા.

સહુ હોંશ પ્રેમે પુર્ણ થાજ્યો, વળી સુજશ વધજ્યો ઘણો;
વ્યાપાર વૃદ્ધિ પામજ્યો, આણંદજી કુશળ તણો. ૧
સહુ ધર્મ માંહી શ્રેષ્ટ છે જે, દયા મારગ ચાલવું;
અનુકંપા લાવી જીવ ઉપર, દુઃખ તેનું ટાળવું;
સહુ જીવને સંતોષવાનો, જોગ આવ્યો આપણો;
વ્યાપાર વૃદ્ધિ પામજ્યો, આણંદજી કુશળ તણો; ૨
અવસર ગયો આવે નહીં, કદી કોઈ ધન જો વાવરે;
શા માટ ફોગટ તેહને, તરછોડિને ફરતા ફરો;
નહીં કામ આવે અંતકાળે, સમુહ જે રિદ્ધી તણો;
વ્યાપાર વૃદ્ધિ પામજ્યો, આણંદજી કુશળ તણો. ૩
સુભ શશિ નિધિ, વળી વેદ સપ્ત, પોસ દ્વાદશ ઉજળી;
૧ ૯ ૪ ૭
નક્ષત્ર મૃગશર વાર બુધને, તિથિ ભદ્રા નિર્મળી;
તીકરણ યોગે થયું મહુરત, શબ્દ જય જય સહુ ભણો;
વ્યાપાર વૃદ્ધિ પામજ્યો, આણંદજી કુશળ તણો. ૪
સહુ એક ચિત્તે કામ કરીને, ધન સુમાર્ગે વાવરો;
તજી હઠ કદાગ્રહ ખંતથી, પેઢિ તણું કારજ કરો;
કરજોડી કાળીદાસ કહે છે, વિનતી પ્રભુજી સુણો;
વ્યાપાર વૃદ્ધિ પામજ્યો, આણંદજી કુશળ તણો. ૫

સુણો મેરી સખીયાં. વિદીત મોરઈયાં. એ રાગ.

સુણો મીત્ર મારા, થાવોને તૈયારાં, મહુરત દુકાન તણું થાય થાય થાય. એ આં.
આણંદ કુશળજીની સ્થાપી દુકાન, બચાવવા પશુ તણા પ્રાણ પ્રાણ પ્રાણ. સુણો૦
દૈયત ઉપર જેમ રાખે રૈયત, બાળક ઉછેરે નીજ માય માય માય. સુણો૦
પશુ તેમ ઉછેરવા આદરો ઉપાય, જેમ નિજ કામ મન માય માય માય. સુણો૦
કળા સારી નીસ પામે ચઢતી સદાય, વ્યાપાર વૃદ્ધિ તેમ થાય થાય થાય. સુણો૦
પોસ સુકલ દ્વાદસી દર્ણે અપાર, પ્રભુ ભક્તિ કરે નર નાર નાર નાર. સુણો૦
[illegible]ર પેઢી તણે આશીસ એ થાય, નમે જૈનોના પ્રભુ પાય પાય પાય. સુણો૦

રાગ દક્ષણી લાવણી.

સુણો ભવીજનો અરજ ઉર ધારીરે. એ ટેક.
શરીરે રોગ, કરોને કામ, બેસે નહીં ઠામ, છુટા મકામ, જાણી રહી લાચારે સુણો૦ ૧
પશુ રક્ષા કરો નિજ બાળ જાણીરે.
એ કરંગ, છે અપંગ, બાંધી તંગ, સાંભો નંગ, રાખ કરો જાણીરે સુણો૦ ૨
છે અવાચક જીવ સર્વે પશુ પ્રાણીરે.
સિત ધુપ, તૃષા ભુખ, સુખ દુઃખ, કોને મુખ, કહેશે તે પકડીરે. સુણો૦ ૩

સોંપી છે દયા પ્રભુ મનુષ્ય જાતીરે,
માટે ભાઈ, સુખદાઇ, દુધ પાઇ, આવી આંહી, સુગી કરો પ્રાણીરે. સુણો૦ ૪
કીધુ છે મહુરત આણંદ કુશળકારીરે,
પુરણપ્રીત, રખોનેનીત, મોક્ષનાજીત, ગણે ખચીત, ઉત્તમ એ અપારીરે. સુણો૦ ૫
કાળીદાસની વિનીતી સ્વીકારીરે,
જૈનબોધ, છોડીવીરોધ, તજીને ક્રોધ, લહોઆબોધ, જીવ દયાનેધારીરે. સુણો૦ ૬

અમે ઇશ્વર માગીએ એટલું. એ રાગ.

આજે ધન દીવસ આણંદનો, ધંન ધંન ઘડી પળવાર. દયા દીલ ધારજ્યો.
ખોડાઢોર છે જનતે ખોડાં ઘણાં; વળી સાજા માંદા છે અપાર. દયા૦ ૧
પશુ ઉપકારી છે પૃથ્વી ઉપરે, પક્ષી આદી જંતુ જીવ જાત. દયા૦
નિરાધાર તેઓ રાંક બાપડા, વેઠે દુખ તેઓ બહુ ભાત. દયા૦ ૨
જેવું દુઃખ આપણને જે થાય છે, તેથી અધીકું તે તેમને થાય. દયા૦
વાચા ઇશ્વરે તેને આપી નથી, તેથી કષ્ટ કહી ન શકાય દયા૦ ૩
કોઈ સંભાળ તેઓની લે નહીં, ત્યારે પીડા તણો નહીં પાર. દયા૦
દુખી માણસો ગરીબ દીસે ઘણાં, સુખ સ્વપ્ને દીસે ન લગાર. દયા ૪
રક્ષણ સરવેનું કરવાને કારણે, સભા સ્થાપના થઈ હર્ષભેર. દયા.
પેઢી આણંદજી કુશળચંદની, પ્રગટ પર ઉપકારના પેર. દયા. ૫
જુઓ મેઘકુમાર તણા જીવે, હાથીના ભવે કરૂણાવંત. દયા.
એક સસલો સંરક્ષીયો, તે થકી, પામ્યા ઉત્તમ કુળ મહંત દયા. ૬
દયા ધર્મના પુન્ય પ્રભાવથી, ભવ ભવનો પામે તે અંત. દયા.
કોમળ હૃદયથી કરૂણાળુ થજો, તેથી પુન્યની પ્રાપ્તી અનંત. દયા. ૭
પ્રીતે જીવ દયા પ્રતી પાળવું, તે છે પ્રાયે મનુષ્ય ગતી માંહી. દયા.
દશ દ્રષ્ટાંત પામવી દોહલી. ઉત્તમ મનુષ્ય તણી ગતી ક્યાંહી. દયા. ૮
સર્વ પેદા થયું પુન્ય કારણે, નથી જાણવું બળ તે લગાર. દયા.
તન ધન જોબન જુઠાં સહુ, મેલી પ્રાણ પલકમાં જનાર. દયા ૯
કાળ ફાળ ભરીને તાકી રહ્યો, જુઓ ઝડપથી ઝાલીને જાય. દયા.
એવો દીન એક આપણો આવશે, નહીં આંદેશો એમાં જરાય. દયા. ૧૦
જેવું કરશો તેવું નક્કી પામશો, મોહા મુનીઓ વદી ગયા વાણ. દયા.
માટે પુન્યનું ભાથું ભેગું કરો, સાચી ખરચી છે એ નીરવાણ. દયા. ૧૧
દેશો દેશ ઉજ્વળ યશ જામશે, વળી વિધ વિધ થશે વખાણ. દયા.
દયા પાળક જન સુખીયા થયા, એમ શાસ્ત્રમાં છે તે લખાણ. દયા. ૧૨
સભા સ્થાપન કરવા સબંધમાં, ધર્યો ઉમંગ તેમાં લાકુ નામ. દયા.
અતી ઉમેદવારી છે એમની, સદા કરવા ધારે શુભ કામ. દયા. ૧૩
દેવકરણભાઇ ડાહ્યા આવી ઘણા, પીતા આદેકરણ શુભ ચીત્ત. દયા.

અતી મેહેનત લીધીછે ઉરમાં, સભા સ્થાપવા ખાંતે ખચીત્ત. દયા. ૧૪
શેઠ સાંકળચંદ વિદ્વાન છે, પીતા હકમચંદ ઉમંગ. દયા.
સભા સ્થપવા સર્વે જાહેર કરયું, હામ બીડી બાંધી તાણી તંગ. દયા. ૧૫
ખુશાલભાઈ તે ખુબ હુંશીયાર છે, શેઠ પદવીધારી જે છે ધામ. દયા.
પીતા જેઠાભાઈ તે પંકાઇ ગયા, કરી શેઠાઈને રાખ્યું નામ. દયા. ૧૬
ચતુરભાઈ કરશનભાઇ ચતુર છે, વળી હૈયામાં રાખે છે હામ. દયા.
ખુબ કાળજી રાખે છે કામમાં, ચતુરભાઇ રૂપચંદ તે નામ. દયા. ૧૭
ગફુલભાઈ તે ગામમાં ગૃહસ્થ છે. પીતા જેમલભાઈ સુખકાર. દયા.
પુન્ય પ્રીતી પ્રગટી છે અંગમાં, વળી ચીત અતી ઉદાર દયા. ૧૮
અમથાભાઇની મેહેનત અતી ઘણી, વળી વિશેષ વાકફુગાર. દયા.
જુના વખતથી જીવ લાગી રહ્યા, તેમાં આળસ નહી તે લગાર. દયા. ૧૯
સેક્રેટરી બંનેએ સહર્ષથી, કામ કરવાને લીધુંછે હાથ. દયા.
નામ ઉજમશી ને ગફુલ છે, સોંપ્યું સર્વ સંઘે મળી સાથ દયા. ૨૦
સેક્રેટરી બે જૈનશાળા તણા, ચુનીલાલ અને કાળીદાસ. દયા.
સર્વે સભા સ્થાપનના કામમાં, કરે પ્રીત આણીને પ્રયાસ. દયા. ૨૧
જોઈન્ટ સેક્રેટરી જોઈ ઠરાવીયા, ચાર મદદ આપે છે તે ખાસ. દયા.
એના નામ ઉપરતો આવી ગયાં, બીજા જીવણ ને નારણદાસ. દયા. ૨૨
રઘુનાથનો શાંત સ્વભાવ છે, દયા દીલ વળી છે દાતાર. દયા.
પીતા તેમના અમરતલાલ જે, ગુણ ગણનો તેમાં નહી પાર દયા. ૨૩
જીવાભાઈનો જીવ લાગી રહ્યો, કામ કાજ માંહી તે અપાર. દયા.
ગુણવાન વળી તે ગંભીર છે, આલમભાઈના સુત તે સાર. દયા. ૨૪
ભાઈ કેશવજી સભા કામમાં, અભીપ્રાય લેવા માટે એહ. દયા.
મલુકચંદ માંહી તો મણા નથી, કામકાજ તપાસે છે તેહ. દયા. ૨૫
ભડ માણસ ભાગચંદભાઈ છે, પીતા તેમના વખતચંદ. દયા.
શેઠ મગાભાઈ તે સભા માંહી, આવે અહોનીશ ધરીને આનંદ. દયા ૨૬
બીજા સભાના સર્વે સજ્જનો, વળી કામતણા કામદાર. દયા
સર્વે સભાને શોભાવનાર છે, કામમાં છે અતી હુશીયાર. દયા. ૨૭
કામ કરશે અને જે કરાવશે, વળી હોંશ લાવી કર્યું હુલ્લાસ. દયા.
પ્રભુ તે સહુને સુખ આપીને, દુઃખ દાળીદ્રને દુર ટાળ. દયા. ૨૮
પાપ આ ભવને પરભવ તણાં, કાપી કરજ્યો ગતી સુખકાર. દયા.
સુભ શશી નંધી વેદ તે સંમેના, પોસ સુકલ દ્વાદશ બુધવાર. દયા. ૨૯
૧ ૯ ૪ ૭
વળી ભદ્રા અને સાંધી જોગના, મૃગશર નક્ષત્રની સાથ. દયા.
સભા પેઢી સ્થાપી ઉછરંગથી, પ્રેસીડેન્ટ દેવકરણભાઈ હાથ. દયા. ૩૦
સહુ સંઘ તે અતી હરખાય છે, વળી વરત્યો છે જયજયકાર દયા.
પેઢી રહેજો અચળ મેરૂની પેરે, થજ્યો ઉત્તમ કામ અપાર. દયા. ૩૧

પુર્ણ કળા શોભે જેમ ચંદ્રમા, તેમ આબાદી થાજો સદાય. દયા.
જૈનબોધ સભા સાણંદની, હર્ષે જોડીને આ ગીત ગાય. દયા. ૬૨
દાન પ્રતિદીન દોલત જમજ્યો, પ્રૌઢ પુન્યનાં કરજ્યો કામ. દયા.
કરજોડીને શેવક વીનવે, પ્રભુ સરવેને દો સુખધામ. દયા. ૩૩

ક્ષત્રી કલંક કેમ લેશેરે. એ રાગ.

સુણો આર્ય બંધુ સુજ્ઞ વાણુ, પશુ તણાં તો કષ્ટ હરોરે.
મુંગા પ્રાણીના બચાવો તમે પ્રાણ. પશુ૦ ૧
દયા ધર્મ તણું એ છે મુળ. પશુ૦ જેથી પામ્યા છો ઉત્તમ કુળ. પશુ૦ ૨
જે જે ખાડાઢોર કહેવાય. પશુ૦ કરો તેહ તણી તુમે સહાય. પશુ૦ ૩
જાણો ખોડાઢોર નીજ બાળ. પશુ૦ પુરા પ્રેમે લ્યો તેહની સંભાળ. પશુ૦ ૪
સર્વ મનુષ્ય કેરો એ છે ધર્મ. પશુ૦ જેથી ટળશે અસુભ નીજ કર્મ. પશુ૦ ૫
રૂડો અવસર પામ્યા છો આજ. પશુ૦ સુભ કામ કરી વધારો લાજ. પશુ૦ ૬
દુખી પ્રણીનું ટાળો તમે દુઃખ. પશુ૦ જેથી પામશો ભવોભવ સુખ. પશુ૦ ૭
કરો અનાથ જીવોનો બચાવ. પશુ૦ તેમાં લાવો નહી તમે અભાવ. પશુ૦ ૮
ભવા પરભવ સુખના સાજ. પશુ૦ સારો આતમ કેરૂ તમે કાજ. પશુ૦ ૯
રહો આણંદ કુશળ આ સમાજ પશુ૦ કહે કાળીદાસ કરો શુભ કાજ. પશુ૦ ૧૦

મુજે છોડ ચલે બનજારા એ રાગ.

ખોડાઢોર થવા સુખકારી, આજે ધન દીવસ હીતકારી. એ ટેક.
સહુ સંઘે મળી સભા સ્થાપી, ઘણી દયા તે દીલમાં વ્યાપી;
કીધું ઉત્તમ કામ અપારી, આજે ધન દીવસ હીતકારી. ૧
અહો મનુષ્ય જન્મને પામી, પ્રભુ ચરણે શીશ તો નામી;
કરે કામ તે પર ઉપકારી, આજે ધન દીવસ હીતકારી. ૨
આ ભાવ સફળ તો થાશે, દેશદેશમાં જશ તો ગવાશે;
વળી લાભ થશે તે અપારી, આજે ધન દીવસ હીતકારી. ૩
સદાકાળ હવે શુભ કામો, કરી પુણ્ય જમાવો જમો;
નવી રાખશો ખામી લગારી, આજે ધન દીવસ હીતકારી.
સદા શુભ તે કામ કરાવો, સહુ કષ્ટ તો દુર હઠાવો;
આવું મહુત છે અધીકારી, આજે ધન દીવસ હીતકારી. ૫
કોઈ નાંખશો નહી તરછોડી, કહે જૈનબોધ કરજોડી;
પ્રભુ પુરજો આશ અમારી, આજે ધન દીવસ હીતકારી. ૬

મોહોલે પધારો માહારાજ એ રાગ.

મેહેર કરો દીનાનાથ, અહો ઈશ મેહેર કરીને. એ ટેક.
પશુ રક્ષણના કામમાં, આપીને આધાર;

દયા રૂપી ધામમાં, સહુ મહાજન છે આધાર. અહો૦ ૧
અર્જુન કહે સાંભળો, પ્રિતે ધરીને કાન;
દયાવંત દયામાં ભળો, કરો એક બીજાને સાન. અહો૦ ૨
શક્તિ સમ શુભ કામથી, ઢોર તણું આ કામ;
ધર્મી થઇ આ કામમાં, ધરો હિમ્મત દીલમાં આજ. અહો૦ ૩
શાણા હીંદુનો ધર્મ છે, નકી વિચારો ઉર;
દયા સાચો ધર્મ છે, જાણી મનમાં વિચારો શૂર. અહો૦ ૪
જ્યારે જોબનમાં હતાં, મનુષ્યે લીધાં કામ;
દુર્બળ થયાં એ જ્યાહરે, ત્યારે કેમ ન આપો વિરામ. અહો૦ ૫

છપ્પો

સૌ ધર્મ આ મર્મ, ગોઠવો પ્રિતી અંગે;
મળી કરો નીજ કર્મ, વિંદો¹ હેત ઉમંગે;
નામ ધરો શોભિત, દયા પશુ પક્ષિ દુઃખને;
થશે કામ ઓપિત, રાખી કરો જન સુખને;
પશુ રક્ષા સૌ વાતમાં, મનથી રૂડી ભાવશે.
પંચમ પદ અભિધાન², મધ્યાક્ષર વામે³ આવશે.

ઉપર મુજબ ગાયન રૂપે કહી રહ્યા બાદ કેટલાક સદગ્રહસ્થો તરફથી દયા કેવી રીતે પાળવી અને દયા પાળવાથી કેવા ફાયદા થાય છે તે વીષે વિસ્તારથી ભાષણો થએલાં પરંતુ તે અહિં દાખલ કરતાં આ ચોપડીનું કદ મોહોટું થઈ જાય એવા સબબથી તે બધાં દાખલ કર્યાં નથી પરંતુ તે સર્વ ભાષણોનો સાર અત્રેના રહેવાશી ભટ્ટ ગીતાંબર ગોવીંદરામે કરેલા ભાષણમાં આવી જાય છે. માટે તે ભાષણ આ સ્થળે દાખલ કર્યુંછે. તે નીચે મુજબ.

"विक्रमार्क शक स्याब्दे । चंद्र गृह वेद सागराः ॥
पौषस्यसितपक्षेच । द्वादश्यांसौम्यवासरे ॥१॥
घटेमृगशिरर्क्षेच । सुसन्नापशुरक्षका ॥
निर्मितासुष्टुमूहुर्ते । सज्जनैःपुरवासिभिः ॥ २ ॥
धर्मस्याऽभ्युदयार्थाय । अद्यहट्टंकृतंमहत् ॥
मूहुर्तंशास्त्रविधिना । श्रद्धयासाधितंतथा ॥३॥
पशुनांरक्षणार्थाय । महाजनैःकृतोद्यमः ॥
तेषांसम्यक्प्रकारेण । वाणिज्यंसफलंन्नव ॥४॥ "

---

૧ મેળવો ૨ નામ ૩ ડાબે.

"વિક્રમાદિત્યના સંવત ૧૯૪૭ના પોષ શુદી દ્વાદશી અને બુધવારના દિવસે, મૃગાશિર્ષ નક્ષત્ર અને કુંભલગ્નમાં નગરવાસી સજ્જનોએ સારા મૂહૂર્તમાં પશુ રક્ષણ કરનારી એક મોટી સભા સ્થાપન કરી. ધર્મની આબાદી થવા માટે આજ એક મહોટી દુકાન કરી અને તેનું મૂહૂર્ત શાસ્ત્રાનુસાર વિધિ પ્રમાણે સાધ્યુ. ખોડાઢોરના રક્ષણ માટે સાણંદના મહાજનોએ ઘણો પ્રયત્ન કરી આ ધર્મ સબંધી કાર્ય ધ્યાન ઉપર લીધું તેથી હું ઘણો પ્રસન્ન થઈ કહું છું કે તેમનો મનઇચ્છિત વ્યાપાર સફળ થાઓ.

આ દુનીઆમાં મનુષ્ય દેહ ધારણ કરવાનો હેતુ કેવળ સારાં સારાં સુખો ભોગવવાં કે અનેક પ્રકારના મોજ શોખ કરવા તથા વિવિધ પ્રકારના વિષયો ભોગવવા તેજ નહિ, પણ જ્યાં સુધી પોતાનો અમુલ્યદેહ સાધ્ય છે (અર્થાત્) શક્તિમાન છે ત્યાં સુધી સ્વદેહે કરી સુકૃત કરવાં.તથા સ્વધર્માચરણમા તત્પર રહીને મનથી, તનથી અને ધનથી, પરોપકાર બુદ્ધિવડે પશુ પક્ષીઓનું રક્ષણ કરવું, અને સારાં સારાં શાસ્ત્રોનો અભ્યાસ કરી જ્ઞાન મેળવવું. બની શકે તો કેટલાક લોકોનું પણ હિત તાકી તેમને સારે રસ્તે ચડાવી જગત કર્તા પરમેશ્વરની કૃપા પ્રાપ્ત થવું. અને સત્કીર્તી વડે પોતાનું નામ અમર રાખવું એજ. જ્યાં સુધી દેહ શક્તિમાન છે ત્યાં સુધીજ જે જે પોતાના આત્માનું શ્રેય કરવું હોય તે તે બની શકે છે એ વિષે પ્રસિદ્ધ મહારાજ ભર્તૃહરિએ વૈરાગ્ય શતકમાં કહ્યું છે કે—

"यावत्स्वस्थ्यमिदंकलेवरगृहं यावच्चदूरेजरा ।
यावच्चेंद्रियशक्तिरप्रतिहता यावत्क्षयोनायुषः ॥
आत्मश्रेयसितावदेवविदुषा कार्यःप्रयत्नोमहान् ।
प्रोद्दीप्ते भुवनेचकूपखननं प्रत्युद्यमःकीदृशः ॥"

જ્યાં સુધી આ શરીર રૂપી ઘર સ્વસ્થ છે, અને ઘરડપણની પણ વાર છે અને ઈંદ્રિઓની શક્તિ ક્ષીણ થઈ નથી, આયુસ્ય પહોંચ્યું છે તેટલામાં ડાહ્યા માણસે.પોતના આત્મ કલ્યાણમાં મોટો પ્રયત્ન કરી લેવો નહીં તો કાના જેવું થાય કે જ્યારે ઘર સળગે ત્યારે કુવો ખોદવાનો પ્રયત્ન કરે તેવું. માટે જેમ બને તેમ ઉત્તર અવસ્થામાં પસ્તાવો ન થાય અને ઝાઝો પ્રયાસ ન પડે તેવી રીતે, જેમ જુવાનીમાંદ્રવ્ય સંપાદન કરવામાં મહેનત લઈએ છીએ તેમજ ઉપરના શ્લોકને અનુસરીને જુવાનીમાંજ સત્કાર્ય કરી લેવાં કેમ કે દેહ ક્ષણભંગુર છે આયુષ્ય પણું ચંચળ છે, કાળની ગતિ ઘણી વિપ્રિત છે, માટે જે જે કલ્યાણકારક કામો કરવાં હોય તે પ્રમાદ છોડિ દેઈને તત્કાળ કરવાં એ વીષે એક વિદ્વાને કહ્યું છે કે—

"अजरामरवत्प्राज्ञो । विद्यामर्थंचसाधयेत् ॥
गृहीतइवकेशेषु । मृत्युनाधर्ममाचरेत् ॥"

ડાહ્યા માણસે વિદ્યા અને ધન મેળવવાંમાં તો હું અજર (ઘરડપણુ આવવાનું નથી) અમર (તથા હું મરવાનો નથી) એમજ માનવું પણ ધર્મ તથા સત્કર્મ કરવામાં એમજ માનવું કે મૃત્યુએ આવી માથાના કેશ પકડ્યા છે એમ સમજી તુરતજ અનાદર નહીં કરતાં તત્કાળ ધર્મ અને સત્કર્મ કરવાં.

હવે ધર્મમાં પણ સર્વ કરતાં "अहिंसापरमोधर्मः।" જે ધર્મમાં અહિંસા એટલે જેથી કોઇ પ્રાણીને પીડા ન થાય તેજ મોટો ધર્મ છે માટે તન, મન, અને ધનથી અહિંસા ધર્મ પાળવો એજ મોહોટા પુરૂષોનો ઉત્તમ વિચાર છે. મન તન અને ધનથી કોઇને પીડા ન થાય, અને સર્વ પ્રાણીઓનું જેમ ભલુ થાય તેવી રીતેજ વર્તવું એ દરેક માણસનો શ્રેષ્ટ ધર્મ છે માટે સર્વ પશુ પક્ષિ વિગેરે પ્રાણીઓને અભયદાન આપવું. એ વિષે ("વશીષ્ટ સંહિતામાં કહ્યું છે કે")

"सर्वेऽत्रसुखिनःसंतु, सर्वेसंतुनिरामयाः ॥
सर्वेभद्राणिपश्यंतु, माकश्चिदुःखमाप्नुयात् ॥"

આ ભૂતળ ઉપર પરમેશ્વરની ઈચ્છાથી ઉત્પન્ન થએલાં સર્વે નહાનાં અને મહોટાં પશુ પક્ષિ વિગેરે પ્રાણીઓ સર્વે સુખી થાઓ અને વ્યાધી તથા પીડાઓથી મુક્ત થાઓ સર્વેનું ભલુ થાઓ પણ કોઇ દુઃખ પામો નહિં એવી રીતે અહર્નિશ ચિંતવન કરવું કે જેથી પરમેશ્વર આપણું ભલુ કરે. જુઓ કે બીજા પ્રાણીઓનો અને આપણો જીવ તો સૌનો સરખો છે અને આપણને જેમ આપણો પ્રાણ વહાલો છે તેમજ સર્વને પણ હોય છે એમ જાણી પોતાના શરીરવડે (એટલે મન વડે અને વાણી વડે, તથા હાથ પગ વિગેરેથી) કોઈને કાંઈ દુઃખ ન થાય એવી રીતે જો વર્તાય તો તેજ તનથી (શરીરથી, અહિંસા ધર્મ પળાયો એમ જાણવું.

ઘણા અનાર્ય લોકો તથા ક્રુર બુદ્ધિવાળા માણસો કે જેઓનાં અંતઃકરણ પથરા કરતાં પણ ઘણુંજ કઠિણ હોય છે તેઓ પોતાના મનથી કાંઈપણ ખેદ ધરતા નથી અને એમ સારૂંજ કરીએ છીએ એમ સમજી નિરપરાધી પ્રાણીઓના ઘાતકી થઇ તેમને નિર્દયપણાથી પોતાને ઘેર રહેલાં બળદ, ગાય, તથા ભેંશો વિગેરે અને બીજા પણ પોતાને ઘેર પરવશપણાથી રહેલાં પશુઓને, તેઓનો, નિત્યદીન પોતાના ઉપર થતો ઉપકાર ભુલી જઈને તેમને મહા દુઃખો દીધા કરે ને પુરેપુરૂ ઘાસ પણ નાંખતા નથી. મજા ઉપરાંત ભાર ખેંચાવે છે અને દુધ આપનારાં પશુઓને હાણગાર દોહવા દેતાં વાર થવાથી તેઓના ઉપર ભારે જુલમ વર્તાવે છે. કોઈ દીવસ પાણી પાવામાં પણ દરકાર રાખતા નથી. વળી તે પશુ જો દુર્ભાગ્યથી જરા અવસ્થાને પ્રાપ્ત થયું તો તો તેને તો ઘાસ કે પાણી મળેજ શાનું અને માર ખાઈ ખાઈ પોતાનું આયુષ્યજ વ્યતિત કરે તે શિવાય તો આ કઠોર કાળજાવાળા માણસને ઘેર રહિ શું સુખ પામે, અહોહો આ અનાથ પ્રાણીઓનું હવે ફકત મહાજન શિવા કોણ શરણ છે. આથી એમજ નિશ્ચય થાય છે કે આ પૃથ્વિ ઉપર જેથી અન્ન ઘાસ અને પાણી થાય છે તથા જેથી મનુષ્યો પણ જીવે છે એવા મહાન દયાળુ મેઘ રાજા તો ફકત ખોડાઢોરના પુણ્યથીજ વરસે છે.

માટે દયાળુ પુરૂષોએ ક્રુર બુદ્ધિવાળા માણસોની પંક્તિમાં ગણાવું ન હોય તો, પોતાના જેવાજ જીવ સામાનો જાણવો, અને પોતાને કાંટા વાગવાથી, અગર ઠેસ વાગવાથી, તેમજ ખાવા પીવા વિગેરેનો વિક્ષેપ થવાથી, જેવું દુઃખ થાય છે તેવુંજ સર્વ પશુ પક્ષિઓને થાય, એમ માની તેઓ આવાસક ઉપર દયા રાખી પોતાનાથી બને તેટલો તેમનો ઉપકાર કરી શરણું આપવું. (સર્વ ઉપર દયા રાખવી એ વિષે વશિષ્ટ સંહિતામાં કહ્યું છે કે).

"प्राणायथात्मनोऽभिष्टा । भूतानामपितेतथा ॥
आत्मौपम्येनभूतानां । दयांकुर्वंतुमानवा : ॥ "

આપણને જેમ આપણો પ્રાણ વહાલો છે, તેમજ જીવવાની પણ બહુ ઉમેદ હોય છે, તેમ સર્વ પ્રાણીઓને તેવીજ રીતે પોતાનો પ્રાણ ઘણો પ્રિય હોય છે, અને જીવવાની પણ લાંબી આશા હોય છે, માટે હે સજ્જનો સર્વ પશુ પક્ષિ વિગરે જીવોને પોતાના આત્મ તુલ્ય માની સર્વના ઉપર દયા કરો. દયા એજ મોટું પુણ્ય છે અને પરમેશ્વરની કૃપા મેળવવાનું મુખ્ય સાધન છે. કહ્યું છે કે "दयादानाद्विशिष्यते" દાન કરતાં પણ દયા વધે છે માટે સદાકાળ દયા રાખવી.

જે માણસો સર્વ પ્રાણીઓ ઉપર દયા રાખીને પ્રાણીઓને અભયદાન આપે છે. (અર્થાત્) શરણે રહેલાં જાણી તેમને દુઃખથી મુક્ત કરે છે, અને તેમને જીવતાં સુધી ફરી દુઃખ ન પડે એવા ઉપાયોની યોજના કરી અવાચક તથા અનાથ પ્રાણીઓના સહાયભૂત થાય છે, તેઓ તો જરૂર પરમેશ્વરના માનીતા થઈ પડે છે. અને સર્વ પ્રાણીઓ પણ પોતાનો સંતુષ્ટપણાથી આશિર્વાદ આપે છે કે જેવા દયાળુ પુરૂષો આ પૃથ્વિમાં કેવળ શોભિતા યશના પાત્ર થાય છે, અને પોતાની નિર્મળ કીર્તિ વડે પોતાનું નામ અમર રાખે છે.

આ બધું પુણ્ય કેવળ અહિંસા ધર્મનો આશ્રય કરનારનુંજ જુઓ કે ખોડાઢોરના દુઃખ ભંજક મહાન દયાળુ શેઠ આણંદજી કુશળચંદજી તો અમરજીવીજ છે, કેમકે તેમના ગુણ નિરંતર ખોડાઢોરના પુણ્યથી ગવાયા કરે છે અને જ્યાં જ્યાં સજ્જનોની સમાજ ભરાય છે, ત્યાં ત્યાં પ્રથમ શેઠજીનું નામ સર્વને શોભવે છે. માટે પોતાનું અને પરનું ભલું ઇચ્છનાર સુજ્ઞ મનુષ્યોએ અહિંસા ધર્મ પોતે આચરવો, અને બીજાને પણ ઉપદેશ કરવો, કેમકે સર્વ કરતાં તે ધર્મ ઉત્તમ છે. (એ વિષે મહાભારતના મોક્ષ પર્વમાં કહ્યું છે કે),

"यथानागपदेन्यानि । पदानिपदगामिनाम् ॥
सर्वाण्येवापिधीयंते । पदजातानिकौंजरे ॥
एवंसर्वमहिंसायां । धर्मार्थमपिधीयते ॥ "

જેમ સર્વ પશુ પક્ષિ અને મનુષ્ય વિગરે બે પગે ચાલનારનું પગલું કંઈ હાથીના પગલાથી વધી શકતુ નથી, પણ તેમાં બધાયનાં પગલાંનો સમાવેશ થાય છે, તેમજ જપ, તપ, ઉપવાસ, અને દાન, વિગરે જે જે પુણ્યો છે તે તે સર્વ અહિંસાથી વધતાં નથી, પણ સર્વનો સમાવેશ અહિંસામાં થાય છે માટે સર્વ પુણ્ય અને ધર્મ કરતાં અહિંસા ધર્મ છે એજ શ્રેષ્ઠ છે.

માટે પોતાનો જીવ વહાલો અને બીજાનો તો અપ્રિયજ એમ સમજી તેઓ અવાચક પ્રાણી કદાપી પોતાના દુઃખથી પરવશ થઈ પોતાના શરીરની બેભાન અવસ્થામાં કદાપી કોઈ આડે આવે કે નડે, અગર કાંઈ તેમનાથી નડતર થાય તો તેમના ઉપર જુલમી માર મારવા, અને અનાથને દુઃખ દેઈ તેણે કરેલા અપરાધનો બદલો વાળવા કદાપિ દયાળુ પુરૂષે વિચાર કરવો નહિ. કેટલાક શરીરનું મિથ્યાભિમાન ધરનારા પુરૂષો કહે છે કે જાણી આપણો અપરાધ કર્યો તો તેને શિક્ષા શા માટે ન કરવી તો તે વિષે એટલુંજ કહેવાનું છે કે

"अपकारिणिकोपश्चेत् कोपेकोपःकथंनते ॥
धर्मार्थकाममोक्षाणां प्रसह्यपरिपंथिनि ॥ "

જો તમે અપકાર કરનારના ઉપર ક્રોધ કરી તેનો બદલો વાળા માટે અપકાર (અપરાધ) કરનારને શિક્ષા કરવા ચહાતા હો; તો તમારા ધર્મ, અર્થ કામ, મોક્ષ અને બીજા પણ પુણ્યાદિક સત્કર્મોનો નાશ કરનાર તમારા શરીરમાં રહેલો ક્રોધ તેનેજ મારો, તો તમારું શૂર વીર પુરૂષોમાં ગણવા યોગ્ય ખરૂં નહિં તો રણ ભુમીમાંથી ભાગીજનાર નપુંસકની ઉપમાને યોગ્ય માટે જે પુરૂષો પોતામાં અને બીજા જીવોમાં ભેદ રાખતા નથી તેઓજ ખરા શુરવીર અને ધર્મને જાણનારા છે એ વિશે કહ્યું છે કે,

"आत्मवत्सर्वभूतेषु परद्रव्याणिलोष्टवत् ॥
मातृवत्परपत्निषु पश्यन्तिधर्मबुधयः ॥ "

સર્વ પ્રાણીઓને પોતાના સમાન માને છે અને પારકું દ્રવ્ય લોહ સમાન, તથા પર સ્ત્રી માતુની પેઠે, જે પુરૂષો જુએ છે, તેઓજ ખરા ધર્મ પાળનાર અને સમજુ છે. એમ જાણવું. માટે જ્યારે પોતાનો અને પારકો જીવ સર્વનો સરખો છે એમ સમજવામાં આવે ત્યારેજ ખરી દયા પાળવામાં આવી અને સર્વ ધરમ જાણ્યા એમ સમજવું, માટે દયા વડે દોષદૃષ્ટિથી રહિત થઈને જેઓ સર્વ પશુ પક્ષિઓને નીર્ભય કરે છે, તેઓના ઉપર સર્વ પ્રાણીઓ રાજી થાય છે કે જેથી એવા દયાળુ પુરૂષોને પણ કોઇ પ્રાણીથી પીડા થતી નથી. (એ વિષે વસિષ્ટ સંહિતાનું પ્રમાણ).

"अभयंसर्वभूतेभ्यो दत्वाचरतियोद्विजः ॥
तस्यापिसर्वभूतेभ्यो नभयंजातुविद्यते ॥ "

જે માણસ પોતાની જાતેથી કોઇ પ્રાણીને કાંઈપણ પીડા કરતો નથી. અને કોઈ પીડા કરે તો તેને અટકાવી પ્રાણીને અભયદાન આપે છે, તો તે અભયરૂપી મહાદાન કરનારને પણ કોઈ જીવ જંતુથી ભય થતો નથી. માટે સદ્બુદ્ધિ રાખી સર્વ ભૂતો ઉપર કૃપા દૃષ્ટિથી જોવું અને બને તો તેમનુ દુઃખ કોઇ પ્રકારે મટે એવી ગોઠવણ કરવી. પોતાથી બને તેટલી મદદ પોતે કરવી અને ન બને તો તે વિષે કોઇ ધનાઢ્ય પુરૂષોનો આશ્રય લઈ નિરંતર પરોપકાર કરવો પરોપકાર સમાન પુણ્ય બીજું નથી, માટે સદાકાળ પરોપકાર કરવામાંજ પ્રિતી રાખવી. "अष्टादशपुराणानां । सारंसारमभुधृतं ॥ परोपकारंपुण्याय, पापायपरपीडनम् ॥" સર્વ શાસ્ત્રોનો સાર એટલોજ છે કે જેથી કોઈને દુઃખ થાય તેજ મોટું પાપ, અને જેથી પરોપકાર થાય તેજ મોટું પુણ્ય છે. સઘળા વિશ્વમાં જેટલા સ્થાવર અને જંગમ પ્રાણીઓ છે, તે સર્વ પરોપકારી છે કેમકે સ્થાવર જે ઝાડો છે, તેમને કોઇ કુહાડાવતે કાપે છે તોપણ તે કાપનારનો કરેલો અપરાધ ન ગણતાં ઉષ્ણ ઋતુના મધ્યાન્હના તાપથી તે કાપનારનો પણ તેના ઉપર છાયા કરી ઉપકાર કર્યા વિના રહેતાં નથી. વળી સ્થાવરમાં બીજી ઔષધિઓ કહીએ તેપણ આવી, કેમકે તેમને પણ કોઇ દરદીને માટે

સુંઠી લેઇ, વાટી ફુદી અગર બાળીને વાપરે છે, તો તે પણ પોતાના ઉપર વપરાએલો જુલમ નહીં ગણતાં, રોગોને દુર કરી પોતાના દુશ્મનરૂપી દરદીના જીવનમાં વધારો કરે છે. વળી જંગમમાં તો આગળ કહ્યુ છે તોપણ આ પ્રસંગે કહેવું પડશે કે ગાયો, બળદ, અને ભેંશો વિગેરે પશુઓ પણ પરમેશ્વરની બનાવેલી આ પૃથ્વિ ઉપર ઇચ્છાથી ઉગેલાં ઘાસ ખાઈને તથા જેનો ઈશ્વર વિના કોઈ માલીકજ નહીં, એવા જળાશયમાં પાણી પિ આવિને, ફક્ત પોતાનો કહેવાતો ધણી, કે જેને ઘેર પોતે રાતવાસો કરે છે તેને ઘેર રહી પોતાની થોડી ઘણી ચાકરી ઉપર લક્ષ નહિં આપતાં, અને બાંઝડામાં માર ખમતાં, પણ દુધ દેવા, તથા ભાર ખેંચવા, વિગેરે અનેક પ્રકારના ઉપકારો કરી, તે ધરધણીનાં ખરાં સહાયભુત થઇ પડે છે, કે તેનો બદલો વાળવા કોઈપણ સમર્થજ નથી (એવિષે પણ કોઇ કવિએ કહ્યું છે કે),

સરવર તરવર સંતજન, ચોથા વરસત મેઘ;
પરમાર થકે કારણે, ચાર ધરી હૈ દેહ.

એવિ રીતે ફક્ત માણસ વિના સર્વએ તો સ્થાવર અને જંગમ જીવો પરોપકારીજ છે માટે તે પ્રાણીઓ ઉપર માણસે તેમનો ઉપકાર શા માટે ન માનવો

કેટલાએક પશુઓ કરતાં પણ હલકા દરજ્જાની બુદ્ધિવાળા માણસો પશુઓને કોઈ મારે તો પોતે હસે, અને તે મારનારને અટકાવે તો શાના પણ વધારે ઉશ્કેરે અને પોતાનું જો તે અવાચક પશુ કાંઈ બગાડે તો તો કાંઈ વાતજ કરવાની નહીં, પણ પારકું કાંઈ ખાઈ જાય તો તે કાળના કોળીઆઓ તે નિરપરાધી પશુઓને ઘણો બેહદ માર મારી વળી આધુરામાં પુરૂ ડબામાં પુરી અનાથ પ્રાણીઓના દુઃખદાયક થઇ પડે છે, કે એઓનાં કુકર્મથી વરસાદ પણ જરા વિચાર કરે. અહોહો એ ચંડાળ સરખા ઘાતકી મનુષ્યો તો પુંછડા વિનાના પશુઓજ સમજવા. આ વાત ફક્ત નિર્દય પુરૂષોને માટેજ છે, પણ સજ્જનને કદાપિ કોઈ પ્રસગે તે અવાચક પ્રાણી કે જેને પોતાના દેહનું પણ ભાન નથી, તેનાથી કાંઈ પીડા થાય તો તે અનાથ ઉપર ક્ષમા રાખવી એજ સત્પુરૂષોને ઘટે છે. કે જે ક્ષમાથી સર્વ સુખની પ્રાપ્તી થાય છે. (વૃદ્ધ ગૌતમ સંહિતામાં કહ્યું છે કે),

"क्षमाऽहिंसाक्षमाधर्म क्षमाचेन्द्रियनिग्रहः ॥
क्षमादयाक्षमायज्ञ क्षमाधैर्यमुदाहृतम् ॥
क्षमावान्प्राप्नुयात्स्वर्गं क्षमावास्तीर्थमुच्यते ॥
क्षमावान्प्राप्नुयान्मोक्षं क्षमावान्प्राप्नुयाद्यशः ॥"

ક્ષમા છે એજ અહિંસા, ક્ષમા છે એજ મોટો ધર્મ, તથા જેણે ક્ષમા રાખી તેણેજ ઇંદ્રીઓ જીતી, અને ક્ષમા એજ ખરી દયા સમજવી, અને ક્ષમા એજ યજ્ઞ, તથા ક્ષમાવાળો છે તેજ, ખરો ધૈર્યવાળો છે, એમ સમજવું.

ક્ષમાવાળો સ્વર્ગને પામે છે, અને જે ક્ષમાવાળો છે તેજ તીર્થ રૂપ છે, તથા ક્ષમાવાળો મોક્ષને અને સારા યશને પણ પામે છે, માટે જે ક્ષમા રાખે છે તેને કોઇ પણ પ્રકારે ભય રહેતો નથી, અને નિર્ભય થાય છે કહ્યું છે કે,

क्षमाखड्गःकरेयस्य दुर्जनःकिंकरीष्यति ॥
अतृणेपतितोवन्हि स्वयमेवोपशाम्यति ॥

જે માણસના હાથમાં ક્ષમા રૂપી તરવાર છે તો તેને દુર્જનથી અગર શત્રુથી પણ શું થવાનું (અર્થાત્ ક્ષમાવાળાને શત્રુ હોયજ નહીં અને કોઇ શત્રુ થાય તોપણ તે પોતાની મેળેજ ઠરી જાય, કોની પેઠે કે તરણાં વિનાની જગ્યામાં, દેવતા પડે તો એની મેળે ઠરી જાય, તેમજ ક્ષમાવાળાનો શત્રુ એની મેળેજ શાંતિ પામે છે. તે ક્ષમાવાળાની સાથે કોઇ દ્વેષ કરતું નથી તેથી તેઓ ક્ષમાની સહાયતાથીજ પરમ સુખીયા થાય છે.

હવે ધનથી પરોપકાર કરવો એ વિષે એટલુંજ કહેવાનું કે આ જગતમાં કહેવાય છે કે, અમુક માણસ લક્ષાધિપતિ અને આ કોટ્યાધિપતિ, પણ ધન તો કોઇનો પતિ કરતુંજ નથી, કેમકે કેટલાકને રઝળતા મૂકીને આવ્યું હશે, ને અંત એતામાં ચાલ્યું જશે, વળી ક્યાં ગયું તેની માલમ પણ પડશે નહીં, તો તે ઘણા તિવ્ર સ્વભાવવાળી લક્ષ્મી કોને વશ થઇ છે, તેણે તો કેવળ એક પરમાત્મા વિના બીજા કોઈને પતિ કર્યોજ નથી, માટે આપણી પાસે જે દ્રવ્ય રહ્યું હોય તે જો હાલા દિન પશુઓના ઉપકારમાં આવે તો તો આપણી કમાણીને તથા સમજણને ધન્ય છે. નહિં તો દ્રવ્ય તો જ્યારે ત્યારે પોતાનો જવાનો રસ્તો કર્યા વિના રહેશે નહીં. એ વિષે ભર્તૃહરીએ નીતિશતકમાં કહ્યું છે કે,

॥ आर्यागीति ॥

"दानंभोगोनाश स्तिस्रोगतयोभ्नवन्तिवित्तस्य ॥
योनददातिनभुंक्ते तस्यतृतीयागतिर्भवति ॥"

દ્રવ્યને જવાના ત્રણ માર્ગ છે. એક દાન, બીજો ભોગ, અને ત્રીજો નાશ, એ ત્રણ રસ્તેથી દ્રવ્ય જતું રહે છે. તેમાં જે માણસ શ્રદ્ધા વડે પશુ રક્ષણ માટે પોતાનો હાથ ઠંડો કરી દ્રવ્ય વાપરે છે તો તો તે દ્રવ્ય ગયું સમાજવું નહીં. એનો તેના પાસેને પાસેજ રહે છે. અને અતિશય કંજુસતાથી જેણે પુણ્ય માર્ગે ન વાપર્યું અને ખાધું પીધું નહીં (ભોગવ્યું નહીં) તો તો ત્રીજો રસ્તો નાશ એ રસ્તાનેજ દ્રવ્ય અનુસરે છે. માટે ખરા ધનના પતિ તો ક્યારે કે તેને પરોપકારમાં પોતાને હાથે વાપરે તોજ, નહિ તો પાસે પડેલી થેલીઓ થેલીઓ હોય તોપણ તે કમાઈને દાટનારની નહીં, અને પાસે રાખી રાખીને સાચવનારની પણ નહીં, તેને એકલા રક્ષપાળ (રખવાળ) જેવાજ સમજવા. માટે જેને ધનનું અભિમાન ધરવું હોય તો, અને પોતાનું કરવું હોય તો, અનાથ પશુ પક્ષિઓના રક્ષણ માટે દ્રવ્ય ખરચી, અને કમાઈ જાણનારે પોતાના હાથને શોભાવી, પશુ પક્ષિઓને આશ્રય આપવો. ખરા ધનપતિ તો જેનું નામ હાલ પણ જગતમાં દયાળુ પુરૂષોની સભામાં ગવાય છે, એવા શેઠ ખેમો દેદરાણી કે જેઓ દ્રવ્યના ખરા પતિ થઇને કેટલાક પ્રાણીઓનાં આધારભૂત દુઃખનાશક થઇ ગયા છે. અને હજુએ તેમના ઉજળા યશવાળું નામ પણ પ્રાણીઓને આશ્રયભૂત થઇ પડ્યું છે. એ વિષે ઘણા ઘણા ઇતિહાસોમાં કહ્યું છે કે મહાન્ પુરૂષોનું દ્રવ્ય અને તેમનું પૃથ્વી ઉપર વિચરવું તે તો કેવળ પરોપકારનેજ છે.

पिबन्तिनद्यःस्वयमेवनोदकं ।
स्वयंनखादन्तिफलानिवृक्षाः ॥
धाराधरोवर्षतिनात्महेतवे ।
परोपकारायसतांविभूतयः ॥

પૃથ્વી ઉપર વહેતી ગંગા વિગરે નદીઓ પોતે પોતાના પ્રવાહમાં નિર્મળ જળ ધરી રહિયો છે, તે પોતાના પીવા માટે નહિં પણ પરોપકાર સારૂં. આંબા વિગેરે ફળાઉ ઝાડો ફળે છે તે પોતે ખાતાં નથી પણ પરોપકારને સારૂજ ફળો આપે છે. અને વરસાદ વરસે છે તે પણ ધાન્ય વિગરે પોતાને ખાવાના હેતુથી નહિં પણ પરોપકાર માટેજ. તેમ સત પુરૂષો જે દ્રવ્ય સંપાદન કરે છે, તે પોતાને માટે નહિં પણ પરોપકારને સારૂંજ. માટે સર્વ પ્રકારે જેમ દ્રવ્ય સંપાદન કરવામાં યુક્તિઓ વાપરીએ છીએ, તેમજ તેને સન્માર્ગ વાપરવા પણ યુક્તિ વાપરવી. અને પોતાનો હાથ ગાઢો કરવો, એજ મોટા પુરૂષોનું ધારવું છે આર દ્રવ્ય કમાઈને એકઠું કરયું ને સન્માર્ગે ન વપરાયું તો પાછું ચાલ્યું જશે. જે માણસો દ્રવ્ય કમાય છે તે દ્રવ્ય ઈશ્વરી નીયમાનુસાર ચાર ભાગીઆ છે, તેઓ તે દ્રવ્ય લેઈ જાય છે. તેમાં પહેલો જો લેઈ જાય તો તો સારૂ, અને બાકીના ત્રણ જો લેઈ જાય તો નિરંતર શોકનું પાત્ર થવું પડે છે. અને મહા દુઃખ આવી પડે છે. માટે પેહેલાને શરણે સ્હેવું, કે ફરી ચિંતા કરવી પડે નહીં એ ચાર ભાગીયા કિયા કિયા છે તે વિષે કહ્યું છે કે,

चत्वारोधनदायादा । धर्माग्निर्नृपतस्कराः ॥
जेष्टस्यत्ववमानेन । कुप्यन्तिसोदरास्त्रयः ॥

ધનના ચાર ભાગીયા તેઓ ચારે ભાઈ છે તેમાં ૧ ધર્મ, ૨ અગ્નિ, ૩ રાજા, અને ૪ ચોર, એઓ ગમે તે પ્રકારે માણસનું ધન લે છે. તેમાં પ્રથમ ધર્મ તેનો કોઇ વિવેકી પુરૂષ સતકાર કરી પોતાનું દ્રવ્ય ખુશીથી ધર્મ માર્ગે વાપરે છે, તો તે ધર્મ સંતુષ્ટ થવાથી બાકી રહેલા ત્રણ સામું પણ જોતા નથી. અને કોઇ કંજુસ એ ધર્મનું અપમાન કરી પરોપકાર સારૂં દ્રવ્ય ન વાવરે તો બાકી રહેલા, અગ્નિ, રાજા, અને ચોર, એ ત્રણે જણા પોતાના ભાઇનું અપમાન થવાથી તે કંજુસને પોતાના ઝપાટામાં લેવા નિરંતર તકરયા કરે છે. અને તેઓ કંજુસ પુરૂષોનું દ્રવ્ય ગમે તે પ્રકારે હરિ લે છે. તેથી કૃપણનું ધન હિન માર્ગે ચાલ્યું જાય છે. માટે શ્રદ્ધા પૂર્વક સન્માર્ગે દ્રવ્ય વાપરી, પરોપકાર બુદ્ધિ વડે સર્વ પ્રાણીઓને સુખી કરવાં. કદાપી કોઇ માણસને પોતાના પૂર્વ જન્મની કરણીથી દુઃખનો વખત આવે, અને મનથી ઘણી દયા ઉત્પન્ન થાય, પણ પાસે દ્રવ્ય ન હોવાથી કાંઇ પણ રક્ષણ વિષે મદદ અપાય નહીં તો તે પુરૂષોએ ફક્ત પોતાની જાત મહેનતથી બનતી મદદ આપવી. જાત મહેનત પણ ન થઈ શકે તો, ફક્ત ઉપરનો વિચાર મનમાં રાખી બીજા મનુષ્યોને પ્રેરણા કરીને પણ આ ધર્મ સંબંધી કાર્યને ટેકો આપવો. પણ એમ માનવું નહીં, કે આપણો હાલ વખત નથી શરીર સારૂં નથી હાથ સંકડામણમાં છે એમ માની આ ઉત્તમ વિચાર મનથી ચુકવો નહીં અને એક નિમેષ વાર (આંખ મીચીને ઉઘાડીએ તેટલી વાર) પણ દયાને દૂર કરવી નહીં, અને પોતાનો કમળ સ્વભાવ ફેરવવો નહીં.

घृष्टंपुनरपिपुनश्चंदनं

छिन्नंपुनरपिपुनस्स्वादु ॥

दग्धंपुनरपिपुनः कांचनंकांतवर्णं।

प्राणांतेप्रकृतिविकृतिर्जायतेसज्जनानाम् ॥

(…ર ઘસાવાથી પણ સુગંધી છોડતું નથી. અને શેલડી કડકે કડકા થ- વાથી પોતાનું …પણ છોડતી નથી, તેમ સોનું પણ વારંવાર તાપમાં તાવવાથી પોતાનું સ્વરૂપ છોડતું નથી. તેમજ સજ્જનો પણ પ્રાણાંત સમયે પણ પોતાની સજ્જનતા અને દયાળુ સ્વભાવ છોડતા નથી. માટે સુખ દુઃખ ઇશ્વરી નિયમાનુસાર આવે છે અને જાય છે તેને માટે હર્ષ શોક ન કરવો, અને સદાકાળ પરોપકાર કરવો પરોપકારથી મનુષ્ય દેહ, પોતાનું ધન, પોતાનું જ્ઞાન, અને વિદ્યા, એ સર્વ શોભે છે, માટે પરોપકાર છોડવો નહીં (એ વિષે કહ્યું છે કે).

श्रोत्रंश्रुतेनैवनकुंडलेनदानेनपाणीर्नतुकंकणेन ॥

विभातिकायःकरुणापराणापरोपकारैर्नतुचंदनेन ॥

(સારાં કુંડળ અને કોકરવાં પહેરવાથી કર્ણ શોભતાં નથી, પણ સારાં શાસ્ત્ર સાંભળવા- …શોભે છે. સારાં કંકણ અને સોનાનાં કડાં પહેરવાથી હાથ શોભતા નથી, પણ …તો પોતાનું દ્રવ્ય પરોપકાર માર્ગે ખરચવાથી શોભે છે. અને સઘળું શરીર પણ ચંદન લેપન કરવાથી નહિ પણ દયા રાખી દિન પશુઓનું દુઃખ દુર કરવા રૂપી પરોપ- કારવા શોભે છે માટે યથાશક્તિ તન, મન, અને ધનથી સદાકાળ પશુ રક્ષણ કરવું એજ મહોટા પુરૂષોનું ખરૂં કર્તવ્ય છે. તો આજે સર્વ સદ્‌ગૃહસ્થોએ ઘણી તસ્દી લેઈ, ખા- ડઢોરના દુઃખ મટાડવા. દુકાન સ્થાપન કરી, અને આ સુશોભીત સભા વચ્ચે જે સારા સારા ભાષણ આપવામાં આવ્યા, તે જોઈ હું ઘણો આનંદ પામું છું, અને નિશ્ચય કરૂં છું કે, હવે તો અનાથ પાંગળાં પશુઓનો પુણ્ય રૂપી સુર્ય ઉદય થશે.

(વસંત તિલકા છંદ).

હેતે દયા ધરિ શકો, જન શોક પોતે, પંખી પશુ તન વિશે દુઃખ-હેમિ જો તે;
જીવો યથા જગતમાં ઇશની દયાથી, પાળો તમે મન ધરી ધરમે કથાથી. ૧

વાચા નથી નહિ શકે પશુ દુઃખ પોતે, રાજી કરો દુખી કરો કથશે ન તો તે;
એસો કદાપિ કરવા પરદુઃખ આપો નિશ્ચે કરો ઉર વિષે પશુ સુખ આપો. ૨

પ્રેમે કરી પશુ વિષે હિમમાં વિચારો, જેથી થશે સુખિ યશે તનમાં ગિચારો.
હે વિશ્વ વ્યાપક વિભુ સઘળે તમારા, વ્યાપી રહ્યા ગુણ ઘણા શુભ હેત તારા. ૩

આપો હવે મદદ દયા પશુ સુખ કાજે, કેવો થયો દિવસ આ બહુ તેજ છાજે;
શાખા જનો દરરવડી મનમાં કહું છું, પંગુ પશુ સુખ થવા ઇશને ભજું છું. ૪

આંથી દયા હિત વિષે કર વાત સાચી, પંખી પશુ સુખ થવા દશ પાસ જાચી;
હે દીનબંધુ દિનાનાથ દયાળુ રામ, આ કાજમાં કર દયા, કર પુર્ણ કામ. ૫

દોહરો.

નહીં ભક્ષ, સજ્જનનું છે કામ;
દયા ... આ સર્વ જન, હો ધરી હામ.
પરમેશ્વરની બીકથી, દયા ધરો દિલ આજ;
જનની મહેનતથી કરો, પશુ પક્ષીનું કાજ.

वाचाविहिनपशवोबहुदुःखपात्रं ।
तान्रक्षणंप्रतिजनस्यचधर्मश्रेष्टः ॥
तस्मान्नवन्नीहृदये । करुणाविचारः ।
धृतोत्तमोत्तममनोरथसिद्धिपुरकः ॥ ५ ॥

અનાથ અને કંગાળ દુઃખના ભોક્તા પશુ પક્ષિઓનું રક્ષણ કરવું, એ દરેક માણસનો ઉત્તમ ધર્મ છે. માટે આજે આ સદાનંદપુર (સાણંદ) ના સ્થાઈક મહૂયલરથ મહાજન મંડળોએ, પોતાના પવિત્ર અંતઃકરણ રૂપી પાત્રમાં એવા વિચાર ધાર્યા તેવા મહારી પરમેશ્વર પ્રત્યે એવી વિનંતી છે કે આ સજ્જન આર્ય બંધુઓના સર્વ મનોરથની સિદ્ધિ કરવાને નિર્મળ વિચાર પર પડો. અને આ સભાના પ્રેસીડેન્ટ મહેતા ટોકરશીભાઈ અહેકરણ મશરુની હાથે આ દુકાનનું મુહૂર્ત કરવામાં આવ્યું છે તેમની અને આ મહાજન વંશ પરંપરા આ ખડા ઠેરન આશિર્વાદથી સઘળી મનોઈચ્છા પૂર્ણ થશે અને આ સારા યશ મળજો એજ મ્હારી આ દયાળુ આ સુજ્ઞ મહાજન મંડળી પ્રતિ વિનંતી

સભા વિસર્જન થતી વખતે ગવાયેલી વિનંતિ.

(રાગ કલ્યાણ) ઈંગ્રેજી વાજાંમાં ગાવાનો.

સુણો સભાજનો ધન્ય દિવસ આજનો,
જન રક્ષા કૃપા કરી તમે મહાજનો. — એ ટેક.
ખોડાઢોર આદે જીવોના કાંમ તણી તપાસ,
કરવાને તમે ભલે પધાર્યા હરખ સહિત આવાસ. — સુણો૦ ૧
મનુષ્ય જન્મ મહા પુણ્યે પામ્ય, ઉત્તમકુળ અવતાર;
દયા ધર્મનું દાન દીધાથી થાશે લાભ અપાર. — સુણો૦ ૨
નીરાધાર છે આરે બીચારાં દુઃખી વળી દેદાર;
તેહ તણાં દુઃખ દૂર કરો તો ભલું કરે કીરતાર. — સુણો૦ ૩
પરોપકારી કામકાજમાં અરપે તન મન ધન.
પ્રભુ તેહનાં કષ્ટ નિવારી થાજ્યો તમે પ્રસન. — સુણો૦ ૪
એવી પ્રતિદીન વૃદ્ધિ પામજો એહ અર્જ છે ઈશ;
ધન દોલતને સર્વ કામમાં જય કરજ્યો જગદીશ. — સુણો૦ ૫
સભા તણું નીમેલું આજનું કામ કર્યું તે સિદ્ધ;
તે માટે સૌ ભલે પધારો પરમાનુ સર્વ પ્રસિદ્ધ. — સુણો૦ ૬
વળી હમેશાં ચાલે રંગે, અતિ ઉમંગે તેમ;
પધારવાને તસ્દી લેશો કહું ઉજમાશી એમ. — સુણો૦ ૭